નેક નામદાર મહારાજાધિરાજ ઠાકોર સાહેબ
શ્રી માનસિંહજી બહાદુરના આશ્રય તળે.

ગુર્જરપતિ મહારાજાધિરાજ ચાલુક્યવંશી
મૂળરાજ બહાદુરના નાટકના ગાયન.

(ત્રી અંકી)

તથા

પરનારીના સંગથી થતા ગેરફાયદા.

બનાવનાર.
રાજગોર મુળશંકર ગોવીંદજી

છપાવી પ્રસિદ્ધ કરનાર
રાજગોર કાશીરામ ગોવિંદજી
મુ૦ પાલીતાણા.

દોહરો.

ગુર્જરપતિ, મહારાજને, મુળરાજ બહાદુર,
વાંચે. પુસ્તક તેહતણું ઉમંગ ધરીને ઉર.

મુંબઇ-સુર્યોદય પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું છે.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૫.

કિંમત ૪ આના.

જાહેર ખબર.

આ ચોપડી કહે છે કે.

વાંચો ! વાંચો !! વાંચો !!!

જરૂર ! જરૂર !! જરૂર !!!

મને, લ્યો ! લ્યો !! લ્યો !!!

આ ચોપડી એવું કહે છે કે વાંચનાર સાહેબો આ ચોપડી જરૂર લેસો કારણ કે આ પુસ્તકમાં સોલંકી ગુર્જરરાજના નાટકના ગાયન ને પરનારી વીશે વારતા છે તે જાણવા સરૂ લખ્યું છે.

આ ચોપડી એવું કહે છે કે વાંચનાર સાહેબોએ આ ચોપડી લેવા ચુકશો નહી કારણ કે કિંમત પ્રમાણે પુસ્તક છે માટે જરૂર લેજો

અમારૂ ઠેકાણું નીચે મુજબ.

ઠેકાણું ચીંચબંદરને નાકે ચાકલાવાળા ત્રીવાડી લક્ષ્મીરામ જીવરામની દુકાનેથી મળશે.

મુ૦ મુંબઇ-બંદરે

ઠેકાણું નવાપરાના ચોકપાસે કાકાસાહેબના દરબાર પાસે રાજગોર સુખશંકર ગોવિંદજીના રહેવાના મુકામ ઉપરથી મળશે.

મુ૦ પાલીતાણા.

લી૦ એમ. જી.

૫૮૨૯

નેક નામદાર મહારાજાધિરાજ ઠાકોર સાહેબ
શ્રી માનસિંહજી બહાદુરના
આશ્રય તળે.

ગુર્જરપતિ મહારાજાધિરાજ ચાલુક્યવંશી
મૂળરાજ બહાદુરના
નાટકના ગાયન.

(ત્રી અંકી)

બનાવનાર.
રાજગોર મુળશંકર ગોવીંદજી
તથા
છપાવી પ્રસિદ્ધ કરનાર
રાજગોર કાશીરામ ગોવિંદજી
મુ૦ પાલીતાણા.

દોહરો,
ગુર્જરપતિ મહારાજને મૂળરાજ બહાદુર,
વાંચો પુસ્તક તેહતણું ઉમંગ ધરીને ઉર.

કિંમત ૪ આના,

" સૂર્યોદય " પ્રીન્ટીંગ પ્રેસમાં મુદ્રાંકીત.
ઈ. સ. ૧૮૯૫ વિ. સં. ૧૯૫૨

પ્રસ્થાવના.

મારા પરમપ્રીય આર્ય બંધુઓ આનાટકના ગાયનો અમે અમારી અલ્પ બુધ્ધિથી તથા થોડાવખતમાં બનાવી બહાર પાડેલછે. માટે ગાયન માંહે ભુલચુક હોયતે પ્રીય બ્રાંતો સુધારી વાંચવાં કૃપા કરવી,

આ નાટક ઘણા મધુર ગાયનથી શૃંગાર રસથી ભરપુર કરી રચેલું છે. તેમાં આધુનીક સમયમાં ચાલતા રાગ રાગિણીવાલા ઘણા સરસ અંતઃકરણને આનંદ ઉપજાવનાર "ગાયન" દાખલ કરવામાં આવ્યાછે. અને તે એવી ખુબીથી રચીને ગોઠવ્યાછે કે થોડા અભ્યાસ વાલા ને પણ વાંચતા સમજતા અડચણ પડે નહીં.

આ પુસ્તકમાં લોભ, દૃષ્ટતા, સાહસપણું, અહંકાર. નીચવૃતિ, અને દુસ્મનતા વીગેરે કરવાથી કેવા ફળને પ્રાપ્ત કરેછે. તેનો શીખામણ લેવા યોગ્ય આબેહુબ ચિતાર આપ્યોછે.

આ વિષય એક અપુર્વ રત્નની ખાણછે. અને વાંચનારના મન રૂપી ચાતુકને પ્રફુલ્લીત કરવાને મેઘધારા સમાનછે. માટે આ લઘુ અને બોધ દાયિ પુસ્તકને સ્વદેશી બંધુઓ તથા ગૃહસ્તો લેવાને ચુકશો નહીં.

લા૦ એમ. જી.

અર્પણ પત્રિકા.

પ્રીતિપાત્ર, સદ્‌ગુણ સિંધુ,

શ્રી ગુલાબચંદ શામજીભાઈ—પાલીતાણા

આપની અમારા ઉપર અગાધ પ્રૌઢ પ્રીતિ અને સુહાર્દી હોવાથી અત્યંતાનંદને પ્રાપ્ત થયાછીએ. આપેધણાહર્ષ સાથે આશ્રય આપી અમોને ઉપકારી બનાવ્યાછે તેના સંબંધમાં આપને આ લઘુ પુસ્તક અર્પણ કરૂંછું તે સ્વીકારશો એજ વિનંતી.

લ: આજ્ઞાંકીત. એમ. જી.

તથા. ડી. એચ. ના યથાયોગ્ય.

માહારાજાધીરાજ ઠાકોર સાહેબ માનસિંહજી બહાદુર.

સ્ટેટ. પાલીતાણા.

ભેરવની સ્તુતી.

નીતિનું નાવ ચલાવ એ રાગ.

રાખો અવિચળ રાજ. કૃપાળુ ભેરવ. રાખો અવિચળ રાજ
ગોહીલ વંશી રાજ જતપજો. હજારો વરસો કાજ; કૃપાળુ૦
માનસિંહજી તખ્તે તપજો. સર્વના છો શીરતાજ કૃપાળુ૦
ધર્મ દયાળું દીસે ધુરંધર. ભાગ્ય શાળી માહારાજ કૃપાળુ૦
દુનિયા દારીના દુઃખજ કાપો. નીતિની બાંધી પાજ કૃપાળુ૦
ન્યાય રીતીથી આપ આપોછો. ગુણીયલ દીસોછો રાજ કૃપાળુ૦
મુળશંકર મુખેથી કહેછે. રાખો ભેરવજી લાજ કૃપાળુ૦

રામાગ્રી વેદરભી વનમાં—રાગ.

મુ દ્રીકા આપી હનુમાનને, કહ્યું રામે એ વાર
લ ક્ષદ્ય તે તુ આપજે, સીતાજી રહેછે જે ઠાર મુદ્રી..૦
શં રક્ષણ કરજે દેહનું, એવું કહ્યું નીરધાર
ક રપકી મુદ્રીકા આપજે. સીતાજીને આ વાર મુદ્રીકા૦
ર ત્નજડીત મુદ્રીકા લઇ. જાઓ તમે હનુમાન
ઓ ર સબ્દથી ન બોલજો, લંકેશ્વર દુત રહે વન મુદ્રીકા૦
વીં છીતણોજે ડંખતે, કરે મનુસ્ય હેરાન
હ લીલ જાણુંછું હું તાહરી માટે ન ધરતો કાન મુદ્રીકા૦
જી ગર થકીતું વિચારજે યુદ્ધ કરવું અપાર
મુળજી કરજોડી ને કહે કરો ભુલચુક માફ આવાર મુદ્રીકા૦

માહારાજાધિરાજ ગૂર્જર પતિ સોલંકી મૂળરાજના

નાટક ના પાત્રો.

પુરૂશ વર્ગ.

સામતસિંહ..........................ગુજરાતનોરાજા
મુળરાજ........રાજનો કુંવરને પાછળથી ગુજરાત નોરાજા
ચામુંડ ....મૂળરાજનો કુંવર
રત્નપારેખ ....મૂળરાજનો પ્રધાન.
સુરાજીત.......................મૂળરાજનો સૈન્યાપતિ
કેશરીસિંહ....................... મૂળરાજનો મીત્ર
ચંદુલાલ...................અણહીલ પુરનો નગર શેઠ
ધર્મગજ...........................અજમેરનો રાજા
સુરજી.......... ....તેનો સૈન્યાપતિ
તૈલપદેવ..........................વરંગુળનો રાજા
સામચંદ...............................તેનો પ્રધાન
બાર્પ..........................તેલપનો સૈન્યાપતિ
અહરીપુ...........................સોરઠનો રાજા
સારંગધર............................તેનો પ્રધાન
વીરપાળ...................... અહરીપુનો સૈન્યાપતિ
લાખા................................ કચ્છનો રાજા
હીમતસિંહ...........................તેનો પ્રધાન
ધનપતસેન.....................લાખાનો સૈન્યાપતિ
દુવાર્પ .... લાટદેશનો રાજા
ગંગાદાશ...........................તેનો પ્રધાન
સંગરાજ...................દુવાર્પનો સૈન્યાપતિ

સ્ત્રી વર્ગ.

લીલાદેવી ....સામતસિંહની બેનને રાજની રાણી

ચાંચણદેવી...........મૂળરાજની કુંવરી

સુર્યવંતિ ....મળરાજાની રાણી

ચમન }
ચંચળ } ....દાસીયો

દુર્લભદેવી ....લાખાની રાણી

અર્વા ....તેની દાસી

મનરશીઠ ....નગરશેઠની પુત્રી

વેણી ....તેની સાહેલી

મનવંતિ ....દુવાર્પની રાણી

એસીવ.ય. પ્રધાન. સૈન્યાપતિ. ભાટ. ફુલચંદશેઠ. લુટારા ખરવાઓ સિપાઇઓ. વિદુષક. ભરવાડો. લશ્કરના સીપાયે. વારાંગનાઓ. વિગેરે. વિગેરે.

મુળરાજ બહાદુરના નાટકના ગાયનો.

મહા રાજાધિરાજ ઠાકોર સાહેબ માનસિંહજી બહાદુરના આશ્રય તળે
સર્વપાત્રો.

રાગ—શ્રી જગપતી.

જઈ ઉમીયાપતિ; તુજ અકળ છે ગતિ,
રહેમ કરીને દાસઉપર; દુરકરો ને વિપતિ. ટેક
અમે અબુધ્ધિ છોરૂં તારા, નક્કી જાણો આજ;
કોઇ વાતની નથીજ ખામી; આ જગત સમાન; જય
આ થકી ઉપર કળા કામમાં; ખામી ન મળે લેશ;
જેને જેવું જોઈએ તેવું; આપો છો હમેશ. જય
કામ સિધ્ધ કરો અમારૂં; એવી વીનંતિ સ્વીકાર;
હોસખરીને સર્વે પાત્રો ભજીએ વારંવાર. જય

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.

નાટક આરંભ.

સ્થળ—અણહીલ પુરમાં સામતસિંહની કચેરી

પાત્ર—સામતસિંહ. પ્રધાન, સેન્યાપતિ, સીપાઇ ચોપદાર
વીગેરે પાછળથી મુળરાજ.

રાગ,—લાવણી.

સામતસિંહ-સુણો પ્રધાન કહું એક; વાત લ્યો ઉર ધારી.
મમપ્રજા સુખીકે દુઃખી. કહો આવારી.

તે માટે કહુછું આજ; તમને આંહી
ઘણા દીવસથી રહી ચિંતાએ મનની માંહી.
હુનર પ્રકાશને વળી વિદ્યા ચાલે છે કેવી.
શત્રુની ખબરરી કહો હોયને તેવી.
માટે સાંભળવાને આજ થયું મન માંઈં.
મમપ્રધાન કહોને ઉમંગથી ચિતમાં ધાઈ.

રાગ—ભરથરી બાતા.

પ્રધાન—સુણોરાજ કહું; સુણોરાજ કહું; રૈયત તણી બીનાય.
ખુશીથઇ આપ સ્વીકારો. એવી ઉમંગછે મન માંય.
ઉજેણીનો રાય. ઉજેણીનો રાય. વિક્રમ કરતો ન્યાય.
એવીરીતે પ્રજા આપની. સુખી બહુ બહુ થાય.
દેશ કામરૂં જેવી દેશ કામરૂં જેવી વિદ્યા ચાલે આંય.
.મનવિચારીને કહુછું આજે શ્રવણ કરો મન માંય.
ચાલે હુન્નર બહું ચાલે હુન્નર બહુ ચીનદેશના જેવાં.
શત્રુઓ તો થરથર કંપે કરે આપની શેવા

ગીતિ.

શીપાઈ—મહારાજા અર્જમારી. હું આપને એક વધાઈ
ભાણેજ છે મૂળરાજ, તે પધારેછે કચેરી માંઈ

ગીતિ.

મુળરાજ—(પ્રવેશ કરીને)
પ્રણમું સર્વ સભાને, વિધવિધ મામા તમને પ્રણામ
ઘણી ખુશીથી મળ્યા કરી ઇશ્વરે કૃપા આણે ઠામ

રાગ. બનજારો.

સામતસિંહ–સુણો બાણેજ મુજબાઇ. કહો રાજ નીતી તમ આંય
તમ માતપીતા સુખકારી, હશે આણંદ દીસે તે ભારી
કહો પ્યારા તેની બીનાય, કહો, સુણો
ઘણો ખુશીનો દીન આજ કરી કૃપા પ્રભું મહારાજ
આવ્યા બાણેજ રાજની માંય, કહો સુણો
પ્રધાન પ્રત્યે–મમ પ્રધાન સુણો આવાર, એક સીપાઈ કરો તૈયાર
મંગાવો શરાબ આય, કહો, સુણો૦
(પ્રધાન સીપાઇને મોકલે છેતે સરાબ લઈ આવેછેને સર્વ
પીએછેને નીશામાં)

રાગ—હાં ચટક લટક સટક તેઆ ઘટ મહી ઉતાર્યુંછે.

સામત સિંહ–

સામળબાણેજ વાતકહું; આજ તુને વિસાંરીરે;
ઉમંગ થયો છે મનને મારા; નથીમારે સંતાનરે. કુવરરે સા.
વૃદ્ધઅવસ્થા થવાને આવી સંતાન નથી મારે રે. તુવિચારેરે. સા.
જરૂર રાજ તુને આપું કહું છુ મુખથી બાંખીરે બોલીરે. સા.
(રાજ આપે છે ને પછી નીશો ઉતરે છે ત્યારે.)

રાગ—ખંતેથી નમી તુને.

સામતસિંહ

પ્રાણુથી પ્રાણપ્યારા માનીલેજે તુ આજ
માનજે, માનજે, માનજે, માનજે, આવાર, આવાર, આવાર, પ્રણુ
લાવ્યમારૂં પાલુરાજ, કરહવે સુખે કાજ, વિચારીલે મનમાંજ,
તોતો થશે સુખ આજ, દારૂંનાતો નીશામાંજ, તુને આપ્યું મેતો રાજ

લાભ્યને તું આવાર, હું હુતો નીરધાર, હઠ માતો નથી સાર, વિચારીલે વારંવર, આવાર. આવાર

રાગ—ક્ષત્રીકલંક

મુળરાજ—

કેમ મામા બન્યા અવીચાર. વચન વિચારીને વદોરે.
તમે કહ્યું શું મુખથી આવાર. વચન વિચારીને વદોરે.
આપે આપ્યું મુજને રાજ વચન
શું લેવાબેઠા છો મારીલાજ વચન
મે માગ્યું નથી તમારી તે પાસ વચન
તમે આપ્યું લાવીમનહુલ્લાસ વચન
તમે ભાણેજને કર્યાં ના રાજ વચન
મુખથી આવું ભાંખોના મહારાજ વચન
તમે લજાવ્યા માતને તાત વચન
આથી થશે હવે નક્કી તમઘાત વચન
તમ લુટાય છે કીરતિને લાજ વચન
હવે જાઉછું હું મારે રાજ વચન

પ્રવેશ ૨ જો.

સ્થળ. જંગલ રસ્તો.

પાત્ર—મુળરાજને કેશરીસિંહ મળેછે. ત્યારે

રાગ—લાવણી.

મુળરાજ—સુણુમીત્ર કહું એક વાત મારી આંહી
ખુશી થઈને દોસ્ત મારા લેજે દીલમાંહી.
મુજમાનું એ મોકલ્યો પ્રીય મામા પાસ

પણી ખુશીથી ગીયો. પણ થયો ત્યા નિરાસ.
આનંદ થયને રાજ આપ્યું આમાથી મુને
ફરીર ક્રોધ બહુ કરયો તે કહું તુને.
રાજ તેણે પાછું લીધું કરી હમો અપાર
લાજ મારી તેણે લીધી માટે કરૂં સંહાર

રાગ—ત્રીતાળી.

કેશરીસિંહ—અરે મીત્ર કહું છું આવાર
તેને મારૂં હું રણ મો જાર
માટે ઉદાસ થા નહી ભાઇ
એમા શીછે મોટી નવાઇ
બાર શા છે એ શીયાળ તણા
આપણે સેનના માણુસ ઘણા
માટે ચાલોને મીત્ર આવાર
આપણે કરીએ સીપાઈ તેયાર.

મુળરાજ તથા કેશરી સામતસિંહને હમાથી મારેછે ને મુળરાજ ગાદીપર બેશેછે.

પ્રવેશ ૩ જો.

સ્થળ—મુળરાજની કચેરી અણહીલ પુરમાં
પાત્ર—મુળરાજ તથા મીત્ર કેશરી, પ્રધાનરત્ન પારેખ; સૈન્ય-
પતિ સુરજીત. વારાંગના, સીપાઇ, ચોપદાર વીગેરે.

રાગ—પોહોડો ભાવ ધરી આવે નીદ્રા શાન્તીભરી.

વારાંગના—રહો આપ સુખી(૨)ગુર્જર ગાદીપર આપતપો
સુર્ય સરીખું તેજ આપનું. મુળરાજ મહારાજ.
શાંન્તીથાપે જશમેળવો. પ્રજા તણાં શીરતાજ. રહો

દુશ્મન એવા કંપીરહે છે. રાખી આપનો ભય.
સુરવીર થઇને કીરિત વધારો. મુખથી કહીએ આય. રહો.

(વારાંગના જાયછે)

રાગ–ગુણુકાના ઘરમા શેઠગીયા.

પ્રધાન—આહી આપ સુખેથી રાજકરો. ગુર્જર પતિ મહારાજ રે.
ન્યાય રીતીથી રાજ કરો, દુઃખ રૈયત લણું તોહરો.
એવી હીંમત મનમાં ધરો. કહ્યું કુતો આજરે. આહી
વિદવાનોને આશ્ર આપો. ગરીબ તણું દુઃખજ કાપો
અવીચળ ગાદીએ આપ તપો. ધરીએ મનમાજરે આહી
કચેરી બરખાસ્ત (સર્વે જાયછે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—વરંગુળમા તૈલપ દેવની કચેરી

પાત્ર—તૈલપદેવ. પ્રધાન, સોમચંદ. સૈનાપતિ. ભાટ.
પાછળથી ભાટ.

રાજા કચેરી ભરીને બેઠો છે ત્યા ભાટ આવેછે.

ભાટ રાગ

ચંદ્રવખત શો આવીયો. આ દુરતા દેશ ડુબાવીયો
સુરવીર રાજા ક્યાં આવીયો. તેના માથા પર કોપ કરીયો
લડાઈમાં એવોછે સુરવીર(૨) ભારે સાંધે ધનુષ્યને તીર
એવો રાજા નહી કોય કળીયો. ઓહો એવો રાજા નહી કોઈ કળીયો

તૈલપ—સાંભળ ભાટ કહું આજ (૨) તે તો ક્યાનો છે મહારાજ
તુતો ખબર ક્યાંથી લાવીયો. ભાટ સાંભળ ભલે તું તો આવીયો

ભાટ—ગુર્જરપતિ સામતસિંહ મહારાજ(૨)તેને હણી દીધો છે ત્યાજ
મુળરાજ ગાદીપર આવીયો. સુણો મુળરાજ ગાદીપર આવીયો

તલપ—લડાઇ કરવી મારે તેની સાથ(૨)કરૂં ગુજરાતને હાથ
મેતો આજેરે નિહાળીયો. જેઉકેવો છે એતો ભળીયો

રાગ—બાપુસોપો મુનેએ—

તૈલપ—સુણો પ્રધાન આજ (૨) શત્રુને તો હાર મારવો આ સમે
કરો સન્યને તૈયાર તમે આજ હવે દૃશમન કરશે શું સુખે રાજ
તેની પાડીશ હું તો રણમાં લાજ. સુણો.
શું અણહીલવાડનો રાજા થયો
મારા જેવો સુરવીર કોઇ નથી રીયો
તેના મામાને હસતી ગીયો. સુણો

પ્રધાન—રાજા ધીરજ ધરો મનમાં આવાર
કરૂ સન્યને હું તો હવે તૈયાર
મારીશ દુશમને તો રણમો જાર. રાજા

પ્રવેશ ૫ મો.

સ્થલ—અણહીલપુરમાં મૂળરાજની કચેરી.
પાત્ર—મુલરાજ કેશરીસીંહ પ્રધાન સેન્યપતિ
(સર્વ કચેરી બેઠી છે ત્યાં સીપાઇ આવીને)

(ગીતી)

સિપાઇ—ઊતર દીશાએ અજમેર ત્યાંના રાજા જે ધરમ ગજ
તેણે કેણ મોકલાવ્યુ થાઓ લડાઇ કરવા સજ
બીજો તૈલપદેવ દક્ષીણ તૈલંગણનો રાજન
મોકલ્યો સામત બાપે રણ જાયો પ્રજા દુઃખ ભંજણ

રાગ—જોડી તમે ન જોઈ માડી

અરે પ્રધાન કહું વૃતાંત (૨)

મુળરાજ—અધીચ્છરી થઇને લડવા જઇએતો થાય આપણી ઘાત
માટે વીચાર કરવો મન. (૨)
કેવી રીતે સંગ્રામ કરવો. કહો ડાહ્યા પ્રધાન

(મુળરાજ પ્રત્યે) સદર.

પ્રધાન—સુણો ગુરજર મહારાજ (૨)
ચતુર થઈને રણમાં ધસવું લેવી શત્રુની લાજ
જે આજમેરનો રાજન (૨)
વારતે તેને પાછો કહાડવો આપી થોડુંક ધન
વળી સામત તૈલંગણ. (૨)
લડાઈ કરવી તેની સાથે, મારવો ભૂમી રણ,

રાગ—ત્રીતાળી ચોપાઈ

મુળરાજ—
મમ પ્રધાન કહ્યું જે તમે. ઉરમાં સ્વીકારી લીધું છે અમે.
આપી ધન કાઢો પરમ ગજ. પછી બાપે સામે થઇએ સજ.

સદર.

મુળરાજ—
કરો સૈન્ય તમે તઇયાર. જઇએ રણમાં તો આણીવાર
છે સુરાક્ષત તમારૂં નામ. જઇ બાપને મારો તે ઠાર.
બોલે વગર વિચારે બોલ. નથી આજ આપણી એ તોલ.
માટે સજ થાઓ લઇ હથીયાર. જઇ આવું હું જીવન ગાવાર

રાગ—રાઠોડરાય શું રીસે ભરાયા.

સૂરાજીત-
સાંભળો રાજન કહું છું આજે. હુકમેથી કરૂં હું પ્રાજ્ય રે,
આપોને આજ્ઞા શીર છત્ર, મારૂં તેને રણની આજે રે, સાંભળો.
આપ બીરાજો નગરની માંયે. જાઊં રણમાં હું એકલો આજેરે સા.
ચીંતા તેની આપ ન કરશો. ચડે શુરને વાજા વાજેરે. સા.

(કેટલુંક બાલવું થયાબાદ કચેરી બરખાસ્ત થાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—સુર્યવંતીનો સયન ગ્રહ

પાત્ર,—સુર્યવંતી. ચમન. ચંચળ. પાછળથી સુજરાજ.

રાગ—કાન્તા કેમ થશે એ.

સુર્યવંતી—પ્રીય ચમન હજું કંથ કેમ ના આવ્યારે.
પ્રાણુથી પ્યાર. આધારે. નાઆવ્યા આત્યાર.
લાગી છે વાર. શું ખટપટમાં પડયારે. પ્રીય.
ધીરજ રહે નહી દુષ્ટ કામથીરે.
આવે મહારાજ. શીરતાજ. કહોશું કાજ. પલંગ બીરાજ.
જે છે પ્રાણના પતિજરે. પ્રીય.

સોહરે.

ચમન-સબુર તો કરો. આવશે નમનાથ રે,
બેસજો સાંથ. કરજોવાત. ભલીરે ભાત જાલીને હાથ.
ધરીનેખરી ખાંતરે. સબુર.
કામતો હશે બહુરાજેરં રે.

મહાન રાય. આવશે આય સુણજેબાય.
સેન કરજો સંગાથરે. સખુર.

(મુળરાજને આવતો જોઈને.)

રાગ—(વીરા વેસ્યાના યારી)

ચંચળ.—
જો જે બાઇ તું મારી, મનમા વિચારી, આવેછે પ્રાણનાથ.
તમે લેજો વધાવી. જાશોરે હાવી. મુખમલકાવી. આવેછે પ્રાણનાથ.
હંશતણીતો ચાલચાલે છે. મુખ દીપે અપાર.
પ્રેમ દીશેછે આપની ઉપર. કહીયે મુખથી વીસ્તાર.
કહ્યું છું વિસ્તારી. લેજોયે ધારી. મનમાં ઉતારી, આવેછે પ્રાણનાથ.જોજે

(મુળરાજ પ્રવેશ કરેછે ને બને દાશી જાયછે)

રાગ—અરે પુત્ર શાને વઢીરે મરો.

સુર્યવંતી—પધારો પ્રાણનાથ કહું એકવાત.
રોકાણા કેમ કહો વતાંત.
આપ વીના બેઠી હતી હું ઉદાશ.
મુખજયારે જોયુ ત્યારે થઇ હુલાશ.
હવે હેતેથીતો શયન કરીએ.
આપ હુકમ કહોતે શીર ધરીએ.

રાગ—માથાના મુગટ મારે પરણ્યા કે કુવારારે.

મુળરાજ.—પ્રાણપ્રીયા મારે આજે. જાવુછે રણ માંહીરે.
લડાઈ કરવાને બાપે. આપ્યો મન ચાહીરે. પ્રાણ.
માટે લડાઇ કરવાને. શજ થાવું આજેરે.
તમ પાશે આવ્યો પ્રીયા. રજાલેવા કાજેરે.

મેદાન માહીં જઈકુંતો. મારૂં શત્રુ હારરે.
માટે રજા આપો પ્રીયા. ખુશીથી આવારરે. પ્રાણુ.

સદર.

સુર્યવતી.-ભલે પ્રાણુનાથ આપ. જાઓ રણુ મોજારરે.
શત્રુનેતો મારી તમે. વીજય કરો આ વારરે. ભલે૦
ક્ષત્રી પુત્ર કદીનવ. ખુણે લઇ બેશેરરે.
તે તો સુરગતાઃવવાને. શત્રુ શામે ધશેરે. ભલે૦
શુધ્ધ ક્ષત્રી ન હોયતે. કરેબાકું વીચારરે.
માટે પ્રાણુનાથ જાઓ. યુધ્ધ કરવા નીરધારરે. ભલે૦
(મૂળરાજ સૈન્ય લઈ જાઈછે.)

પ્રવેશ. ૭ મો.

સ્થળ—લડાઈનું મેદાન.

(મૂળરાજને આવતો જોઈ)

રાગ—ક્ષત્રીકલંક

બાર્પ-ભલે આવ્યો તુ રણુની માંય. રાજતો તારૂં મારે લેવુરે.
તારા કટકા કરીશ હું આંય રાજતો૦
નહીં બચય હવે તું નીરધાર રાજતો૦
તારા જીતવાછે મારે દુવાર રાજતો૦
ફોસલાવ્યો તે તો ધર્મગજ રાજતો૦
વળી મારીશામે થયોછો તુ સજ રાજતો૦

મુને હલકો ગણ્યો શીયાળ રાજતો૦
પણ ખુટ્યો છે તારો હવે કાળ રાજતો૦

રાગ—ક્ષત્રીકલંક.

મુળરાજ—શુણ બાપ હવે તુ આવાર. પ્રેમાલ કરૂં તુને આહીરે.
તુને મારીશકું રણ મોઝાર પેમાલ૦
મારયો રામે કુંભકરણ પેમાલ૦
તેમ તુંને પછાડીશ ધરણ પેમાલ૦
મારયો બીમે ખીમ ધરમ પેમાલ૦
તુને પોહચાડું દુવાર જમ પેમાલ૦
તુને કરીશ હવે બે હાલ પેમાલ૦
હું છું ક્ષત્રી સિંહણનો બાળ પેમાલ૦

(લડાઇ થાયછે ને મુળરાજ બાપને હરાવેછે તેથી બાપ નાશી જાયછે મુળરાજ પોતાના નગમાં આવેછે.)

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—દરીયામા તોફાન લાગવાથી

રાગ—મારો હુલેશા જલદી ચલાવો.

ખારવા—ચલાવો હોડી હાંકો એ વેલી. દીવશ રહ્યા થોડા.
આપડે દીવશ રહ્યા થોડા ચલાવો૦
વાવટા ચડાવો જલદીયે હાંકો. નહીંતો લાગશે જોરા.
તમને નહીંતો લાગશે જોરા ચલાવો૦

આજે આવ્યો છે દીવશ નઠારો. સઢ જાય છે આડો.
કેવો સઢ જાય છે આડો ચલાવો૦
તોફાન લાગ્યું બારે જબરૂ, મછવો થઈ ગીયો ગાંડો.
જુઓ મછવો થઇ ગીયો ગાંડો ચલાવો૦
ઢોંઢયા તું પડને કીનારે જઇને. દોર બાંધી દે આડો.
લઇ દોર બાંધી દે આડો ચલાવો૦

મછવો કીનારે આવેછે ને જાત્રાળુ માણુશ ઉતરેછે તેવામા એક વાણીકની છોકરી દરીયામા પડી જાયછે તે શખીયાની નજરે મહા સ્વરૂપ વાળી છોકરી પડેલી જોઇને

રાગ–ગીતી (મરાઠી બોલીમાં)

શખીયો–કાય શાગું ઢોંઢયા. ઉચલુન ઘેતું ગોદાવરે.
પરીનો મીળાલી આજે. આપલ્યા ઘરી ગેવુંન જાયજરે.
(છોકરીને બહાર કાઢેછે ત્યારે.)

રાગ–ઈંદ્રસભાની ઢબમાં (મરાઠી બોલીમાં)

રામજી–પાગોટી ભાવ ગય શાગું. પરી મીળાલી આજ.
ગેવુનજાતું ગાવચી માલી. હોવુન જાલ આપલ્યા કાજ.
રાજ્જલાતો અર્પણ કરૂન દેલ. દીડકા મીલેલ પુસકલ.
શેઠફુલચંદ ઇથે આલા. આતાશાંગતો તેનાલા. પા
(ફુલચંદશેઠ પ્રવેશ કરીને)—એ તો પુત્રી મ.રી છે તેની પુત્રીને કહે છે કે તુ કયા રહી હતી એમ કહી લઇને જાય છે. ને પાછો વળીને.

રાગ–ભોજા ભગતના ચાબખા.

ફુલચંદ–સાંભળો ઢોંડયા રામજી વાત, તમે ફેરવશો નહીં જાત સાં૦
ધીરજ ધરીને રાજા બીચારો, કરશે નહીં સુખ શાંત. સાં૦

અમારી પુત્રી આછો છોકરી. કહુ તમને ભાઈ આજ. સાં૦
પાછો આવ્યો હું ગોતવાકાજે. રાખી તમોએલાજ. સાં૦
(ખારવાને રૂપીઆ આપે છે ને પોતે ચાલવા મંડે છે)

(એવામા મહીપુરના સરદારો જાત્રાળુ માણશને લુટવા નીકલ્યા છે તેને ફુલચંદ શેઠ મળે છે ફુલચંદને આવતો જોઇને

રાગ--શેઠ મોઠા શાહુકાર

લુટારા-
અમે જાત્રાળુને લુટનાર, મહરીપુના શરદાર, મારીએ સર્વેને ઠાર, ખુશીથી૦
રાજ મોટા જીતનાર અમે શુરાછીએ આવાર જે આવે તેને મારનાર ખુશીથી૦
નથી કોઇની પરવાર લુટીયે અપાર મોઠા શેઠ શાહુકાર ખુશીથી૦
રાય મહરીપુ સદાએકાર. મહેરછેનીરધાર જયાવે આણંદ કાર ખુશીથી૦
અમારે કોઇનો નથીભય કર્મકરી ચોરીયે આય ત્રણ લાખછે સૈન્ય૦
શોથી મોટા અમે આચાર સર્વે નમે વારંવાર અમે રાખીએ અહંકાર
છીએ જાત્રાળુના કાળ ખુશીથી અમે૦

(એવાંમાં ફુલચંદ શેઠ તેની નજીક આવે છે લુટારા ફુલચંદ શેઠનું સર્વે ધન પૈશા ને માલ લુટી નાશી જાય છે ફુલચંદ ત્યાંથી ફરીયાદ કરવા માટે મુળરાજની કચેરી તરફ જાય છે.)

પ્રવેશ ૨ જો

સ્થળ—અણહીલપુરમાં મુળરાજની કચેરી.

પાત્ર—મુળરાજ, કેશરીપ્રધાન, સૈન્યપતિ, વારાંગનારા, વીદુષક ને પાછલથી ફુલચંદ.

વારાંગનારા:— રાગ—પીઢો ભાવધરી

રહો અચળ મહારાજ (૨) આશીશ આપીએ છીયે અમે
રામ સરીખુ રાજ્યચાલે છે, રૈયત સુખી થઇ

આપ બીરાજ્યા તખ્ત ઉપર, પીડા પ્રજાની ગઈ. રહો૦
રાય સર્વેને તમે નમાવ્યા, શુરવીર છો રાજન
કૃપાકરી છે અમ ઉપરે, પ્રજા દુઃખમ જાણુ રહો૦

(ફુલચંદ પ્રવેશ કરીને)

રાગ—અજબનગરી આછે અંધેરી

ફુલચંદ—સુણોરાજનકહું એક વાતઆહીં, તેતો ઉતારો દીલમાંહી.
સાંભળો આપ ફરીયાદ, કોઇ રાખેન મર્યાદ, લુટે શોનેયે ત્યાય
નાશિ આવ્યો હુંતો એકદમ આહીં, તેતો ઉતારો૦
ઉપાય કરો મહારાજ,
મુંગરાજ—એવી કોણ લેછેલાજ, ખરૂં બોલજેતું આજ,
હુંતો કહું તુને આજ વારમવારી, તેતો ઉતારો૦
ફુલચંદ—મારે આપનો આધાર.
મુંગરાજ લડાઈ કરવી આવાર. મારૂ તેને તે ઠાર
તેનું નામ જણાવ્ય મુને આહીં. તેતો ઉતારો૦

રાગ—શોરઠની ગજલ.

ફુલચંદ—સુણોરાય અર્જમારી, આપલેશો સ્વીકારીરે.
શોરઠ પતિ જે ગ્રહરીપુ, તે જાત્રાળુને લુટે છે
દીન સેવકની અર્જએ, આપજોને દીલેધારી. શુણો૦
અતુલ્ય બળીયો એહદીશે, આપવીના બીજો નહીં કો મારસે
તેને મારે કીર્તી તમ વધશે. કહું છું મુખે વિસ્તારીરે. શુણો૦

રાગ—ગીતી

મુંગરાજ—એવો ચંડાળ ગ્રહરીપુ, લુટે છે જાત્રાળુને ત્યાંહી
માટે મીત્ર કેશરી, આજે મારીયે તેને રણ માંહી.

અહરીપુનો મીત્ર. કચ્છદેશનો રાજાલાખો કહેવાય.
બન્ને જણા આવશે, લડાઈ કરવા આપડીશામે આંય
(કેશરી ક્રોધ્યા યમાંથી બોલે છે.)

કેશરી—રામ સ્વારી કરી ચલાવ અશ્વપર ખુબનચાવી   થનનન રાગ૦
તૈયાર થઇને ચાલો લડવા ઝાંઝ વગાડો:   ઝનનનન૦
જઇ રણમાં શમશેર ચલાવું વાસો દાટે   દનનનન૦
અહરીપુને એવો મારશુ તીરવાગે તેમ   તનનનન૦
યુદ્ધમાતો તૈયાર થઇ રહેશુ શામો આવે:   જનનનન૦
લાખાનો તો જીવ કાઢશુ પ્રાણ જાય જેમ   યનનનન૦
બન્ને મીત્રોનું વેર વાળશુ સજ થઈને   છનનનન૦
શુરવીર હોવતે સામો આવે કાયર નાશે   ચનનનન૦
કટાર જાયતો પીસ્તોલ કાઢું ખંગીર વાગે   ખનનનન૦
નોબત ઉપર ડાંડી પડે ત્યારે નગારૂં થાય ઢીઢીધાંગ ઢીડીધાંગ૦
સરણાયુતણા સાદ પુરેતો સુર ચડે મુને   સનનનન૦
વડીલ બંધુ મુને સોપજો કેવરાવું હુતો   આજીજીજીજી૦
મુળરાજની કીર્તી ગજાવું ડંકે ઘા જેમ   ધનનનન૦

(મૂળરાજ કેશરીનુ આવુ બોલવું શાબાશિને શાબાશી આપેછે ત્યારે)

રાગ—લટકે મટકે જાવું લડવા લડવાની મન છે બહુ હામ

વિદુષક—ચટક મટકથી લડવાજાસુ એવી નાખુ હું તો હ.મ,
તોડી નાખીશ હું તોતેના હાથોને પગો તમામ,
શીશી ઉડસે આડાઅવળા ધડ ઉડસે આણી ગમ,
ઝનનનઝનન ઝાંઝ વગડાવી બોલાવું હું શોના રામ,
સિંહ ઉપર સ્વાર થઈને ચાબક મારૂં હુતો આમ,

તોપ લઇને રણમા જાઉં શત્રુ ભાગે પોતાને ધામ,
મળસે મુને ઇનામ આજે કરીસકું શુરાનું કામ,
હું મારૂંછું સરવેગપાટા ચોફાળ ઓઢી શુઈશ મુકામ,
રાજાને તો હું રીજાવું રણમાં આવસે કાકા જમ,
મેંતો એવુ નીમ લીધુ છે હજારટોલા મારૂં કામ,
એકહજાર ટોલા મારૂં હુંતો હજારટોલીયો પાડયુંછે નામ,

મુળરાજ વિદુષકનું ગાયન શાંભળી ખુશી થાય છે ને સૈન્ય તૈયાર કરી સોરઠ તરફ વીદાય થાય છે ને જુનાગઢને પાદર પડાવ નાખેછે અને એક સીપાઇને પત્રલખી આપે છે તે લઇ સીપાઇ જાય છે

પ્રવેશ ૩ જો

સ્થળ—જુનાગઢમાં અહુરીપુની કચેરી

પાત્ર-અહુરીપુ પ્રધાન સૈન્યપતિ પાછળથી શરદારોને સિપાઇ વિદુષક.

રાગ—ગીતી.

અહુરીપુ-પ્રધાન મમપ્યારા શરદારો ગયા છે લુટવા કાજે
મલ્યું નહીં હોયકાઇ વારતે રોકાણા હશે તે આજે

લુટારા-રાગ અરેલાલદેવ ઇશતરફ
અરે રાજાજી કહીયે એકવાત
ભટકયા અમે બહું દિવસ રાત
આવ્યો ત્યાં જાત્રાળુ શાહુકાર
પછી તેને લુટયો જંગલ મોજાર

લઇ લીધુ લુટી અપાર ધન
ભાગ્યો શેઠ કરીને જીવજતન

સીપાઈ—રાગ ગીતી

શલામ છે સભાને પત્રલીયો રાજન તમે.
મમરાય મુળરાજ પત્રમોકલ્યો લઈ મુને.

(પ્રધાન પત્ર લઇ વાચે છે)

(રાગ--ક્ષત્રી કલંક કેમ લેશેરે.)

પ્રધાન—તુ શુણને અહરીપુ રાય પ્રજાને; તુનો બહું પીડે રે

તારા ટુકડા કરીશ રણમાંય — પ્રજાને૦
તે માંડયો છે બહુઉતપાત — પ્રજાને૦
તેતો લજવી છે તારી જાત — પ્રજાને૦
થાજે સેન્યલઇને તૈયાર — પ્રજાને૦
તારો કરવા આવ્યો સંહાર — પ્રજાને૦
હું લડવા આવ્યો તુજધામ — પ્રજાને૦
માટે માગુ હું તારો સંગ્રામ — પ્રજાને૦
તુ શાભળજે નીચ ગદ્દ — પ્રજાને૦
તારો રણમાં કરીશહું વદ્ધ — પ્રજાને૦
તુને કરીશ હું આજે પતન — પ્રજાને૦
નથી ક્ષત્રી કેરું તુંતો કુરજન — પ્રજાને૦
હું છું અણહીલ પુરનો સુરાજ — પ્રજાને૦
લખીતંગ નામ મુળરાજ — પ્રજાને૦

(રાગ—ઓખા હરણ.)

અહરીપુ-(પ્રધાન પ્રત્ય)

લખ્યું એવું જ્યારે એક રાય
બનતું મારે નીરયે રણ માય.

મેકલો પત્ર મીત્રની પાશ
આવશે સેન્ય લઈને હુલાસ
મમ દોસ્ત લાખો બહુ બળીયો.
તેની આગળ આ શીવાળીયો
માટે જલદી લખો તમે પત્ર
આવે શુરો થઈને અંત્ર

(પ્રધાન પત્રલખીને સ્વારને મોકલે છે અને કચેરી બરખાસ્ત)

પ્રવેશ ૪ થો

સ્થળ—કચ્છભુજમાં લાખાની કચેરી.

પાત્ર—લાખો પ્રધાન સેન્યાપતિ સર્વેબેઠા છે ત્યાં શીપાઇ પત્ર લઇને આપે છે પ્રધાન વાંચે છે.

રાગ—બનજારો

પ્રધાન-મુજ પત્ર લેજે સ્વીકારી પરમ સનેહીં મીત્ર દીલધારી.
આહીં પડયું તમારૂ કામ જલદી આવજો તમે આધામરે
બેશી રહેજો નવિચારી પરમ૦
તમ પર મારે બહુ પ્રીત તમે રાખજો મીત્રની રીતરે
હું કહું છું મુખથી વિસ્તારી પરમ૦
ગુર્જર દેશનો મહારાજ આવ્યો લેવા આપણી લાજરે
માટે લખ્યું તમને આવારી પરમ૦
લેઇ લશ્કર આવજો આહીં ખોટી થશો નહીં તમે ત્યાંહીંરે
થશો મુને સહાય કારી પરમ૦
તમે વાંચજો મારા પ્રણામ મારશે મુળરાજ કરી સંગ્રામરે
હું કહું હુલાશથી ભારી પરમ૦

રાગ—ફેરીદીધો જ્યાં ફીરતારે પક્ષી પ્રાણ ચડે ત્યાંવારે

લાખો—જાતુંલડાઇ કરવાકાજે પત્ર આવ્યો દોસ્તનો આજે
લખીજાણ્યો મુંને પત્ર મીત્ર શીરતણો છે છત્ર
જાવું મીત્રની ભેરે અત્ર એકલો જાણીને આવ્યો ત્યાંય
જાવું લડાઈ કરવા કાજે પત્ર૦
પ્રાણ લેવો મારે આજ એનો મનમાંહિમત ધરતા ધરતા૦
મીત્રનું તો કામ બજાવું લશ્કરને લઇ ચલતા ચલતા૦
મુળરાજને હાર મારવો માણુશ ભાગે પડતા પડતા ૦
અણહીલ વાડને કબજે કરીશ ખુશીથીતો રમતા રમતા૦
મારાથી તો શત્રુ કંપે મનમાંએવા ડરતા ડરતા૦
શુણો પ્રધાન કહું છું આજે ઉમંગ રાખજો મનમા મનમા૦
જઈ આવુંહુ અંતહ પુરમાં તૈયાર રાખો શૈન્ય હમણાહમણા૦
સુરઅતાત્રીશ ભારે હુંતો લડાઇમાતો ચલતાચલતા૦
ધીરજના ધરાય આજ થશે ત્યાં જય જય
દુસ્મનની લઉંલાજ થસે ત્યાં જય જય
શુરવીર રાજા હું છું આજે મદદઆપુ મીત્રને કાજે
ન જાણતો મીત્ર લાજે મનમા લાવું અહંકાર આજે જાતું૦

રાગ—લાવણી

લાખો—રાજ સાચવજો હવે સદગુણી પ્રધાન
મમ પ્રજા ન દુઃખી થાય અને હેરાન
ઘણી ખુશીથી આવ્યો પત્ર મીત્રનો આજે
નગૃતણી ભલામણ દઉં રાજને કાજે
સેન્ય લઇને મારે જાવું જુનાગઢ
જવું મીત્રની વારે રાખો તમે મન દૃઢ

(પ્રધાન ઊતર આપે છે.)

રાગ—શુણોનગરશેઠ શુણોનગરશેઠ.

હિંમતસિંહ-શીર છત્રતમ શીરછત્ર તમ રાજો મન હુલાશ
શીકર રાજની કાંઇનકરસો કરજો સત્રુ નીરાસ શીર૦
તમ મીત્ર વડીલ તમમીત્રવડીલ તે કેર કરવું કામ
માટે મારવો મુગરાજ કરી ત્યાંય સંગ્રામ શીર૦
કર પ્રજા ન દુખી કર પ્રજા ન દુખી ખચીત કહું આહી
આપ પધારો સેન્ય લઇને તજી સર્વે ચિંતાઇ

કચેરી બરખાસ્તથાય છે પડદોપડે છે.

પ્રવેશ ૫ મો

સ્થળ—દુર્લભદેવીનો સયનગ્રહ.

પાત્ર-દુર્લભદેવી અર્ધાદાશી પાછળથી લાઓ

રાગ—ઈંદ્રસભાની ઢબમાં ગાવાની

દુર્લભદેવી-શુણદાશી આજે મુંને થાય બહુ વીચાર
કેમ નાઠયા હજુસુધી પ્રાણ તણા આધાર
સત્રુ ઓતો રાજ ઉપર આહીં આવે છે.
અગર કારણ શુંરે હશે કેમ રોકાણા છે.
માટે દાશી જલદી જાને બોલાવી તું લાવ
કામ મુને વ્યાપી ગીયોછે ભેટયાનો છે ભાવ

રાગ—સદર

અર્વા—(ઉતર આપેછે)

ખોલાવીને લાવુ બાઇ આપ કેરી પાશ
ચીંતા સર્વે તજી દઈને રાખો મન હુલ્લાશ,
જાઉં બાઈ હવે હુંતો કચેરી કેરી માય
આપની પાશે લાવું બોલાવી પળ કેરી માય,
(દાશી જવાની તૈયારી કરે છે ત્યાં લાખો આવે છે.)

રાગ—મેવાડો.

દુર્લભદેવી—(લાખા પ્રત્ય)

પ્રીય પ્રાણુનાથરે ઉદાસી આપવીના ટેક૦
આપ એ વીના ચેન ના પડે ગુણુ તણા ભંડાર
નીરખુ જ્યારે નેણુથી મારે મુજને આણુંદકાર, ઉદાશી૦
ચતુર મારા સ્વામીજી કરૂ અર્જ હું આય
રોકાણા તમે શાને કાજે કચેરી કેરી માય, ઊદાશી૦
દીન દાશી આ અર્જ કરે જોડીને બે હાથ
તેતો જણાવવો મુજને આહીં મારા પ્રીય પ્રાણુનાથ, ઉદાશી૦

રાગ—સદર

લાખો—(રાણી પ્રત્ય)

મુજ પ્રાણુ તણી તું પ્યારીરે, ઊદાશીયા નહીં
પત્ર આવ્યો મુજ મીત્રનો, શોરઠ દેશથી આજ
માટે તે પત્ર વાચવાને, વખત ગમાવ્યો ત્યાંજ, ઊદાશી૦
પત્રમાં એવું લખેજ છે, જલદી આવજો આંય
જરૂર પ્યારી તમે રજા આપો, મારે જવુંછે ત્યાય, ઉદાશી૦

મુજ મીત્રના રાજ ઉપરે, ચડી આવ્યો મૂગીરાજ
જઇને બતાવીસ હાથ મારો, લઉં રણુમા તેની લાજ, ઉદાશી૦
(દુર્લભદેવી લાખાને ઘણું વીનવેછે પણ લાખો માનતો નથી ત્યારે)

રાગ—ભેખરે ઉતારો રાજા ભરથરી

દુર્લભદેવી–ઉદાશીમાં.
પ્રાણુનાથ એવું નહીં બોલો, જાશો નહીં તમે આજજી
મીત્ર તો એવારે ઘણા હોયે, વાત કરશો ન મહારાજજી,
અરેરે પતિ મારા સાંભળો.

લાખો–શોક નહીં કર્ય પ્રિયા તું તો, જાવુ રણુમાં નીરધારજી
ક્ષત્રીરે પુત્ર તો વારે ચડે, શત્રુને મારૂ તે ઠારજી
ઉદાસી થા નહીં પ્રીયા તું તો.

દુર્લભ–પ્રાણપતી સાને રણે ચડો, કરો મનને શાંતજી
દાસીની ઉપરે રેમ રાખો, માની લેજો આ વાતજી
અરેરે પતી મારા સાંભળો.

લાખો–સુણુ પ્રીયા વાત કહું, પહાડસિંહ કહેવાયજી.
ચાપરાજ શાથે દોસ્તી હતી, તેણે ઉગારયો ત્યાંયજી
માથુરે આપ્યું તુ મીત્ર કાજે

દુર્લભ–પ્રધાનને મોકલો આજે તમે, લડાઇ કરવાને કાજજી
આપ રહોને આહીં તમે, લશ્કર કરસે તે સજજી
અરેરે પતિ મારા સાંભળો.

લાખો–ખુશીથી રજા દે મુને, પ્રધાન કરશે રાજજી.
મીત્રની વારેરે મારે જવું, લઉં દુસમનની લાજજી
રાજ કરીશ તાબે હું તો.

(રાજા જાયછે ને પડદો પડે છે)

લાખો લશ્કર લઇ જુનાગઢ આવેછે. અને પોતાનુ લશ્કરને તેનો મીત્ર ગ્રહરીપુનુ લશ્કર એકઠું કરીને જ્યા મૂળરાજે પડાવ નાખ્યો છે ત્યાં આવેછે.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—રણભુમી.

(અહરીપુ તથા લાખાને આવતો જોઇને કેશરી મૂળરાજ પ્રત્યે)

રાગ—નીર્બળ શત્રુ સબળ રાજપર આજ

કેશરીસિંહ-કપટી ગ્રહરીપુ સજ થઇને, લડાઇ કરને કું આતે હું
બહાદુર સમાન મીત્રોને શું તે અકરૂં પય ઉરાતે હે
શાને વઢોછો મીત્રોએ એવી હારની શું વાણી કપટી૦
અરે તમારી મતિએ આવી કદી નોહેતી જાણી
થાશે હવે સ્હાય, લશ્કરે વાત જાણી શાને૦

રાગ—જંગે કલંદર નીશદીન બંદર.

મુળરાજ-(કેશરી પ્રત્યે)
લાખો ગ્રહરીપુ એક હોકર, અપની સામે આને હું
પ્રપંચ કરીને દેતું મીત્ર, લઢાઇ કરનેકું ચાહાતેહું
હીમત રાખજો તમે મનમાં, એવી કહુંછું હું તો આજ લાખો૦
દેવીની આસી શેથકી, જીતશું તેનું રાજ
લેશું તેની લાજ, મારીયે પળમાજ હીમત૦

(એ સાંભળીને લાખો.)

રાગ—ક્ષત્રીકલંક.

લાખો-(મુળરાજ પ્રત્યે)

નથી જોયા શુરા કેરા હાથ, હવેતો નક્કી પ્રાણ હરૂં રે
હવે લડજે તું મારી સંગાથ હવેતો૦
મુજ તલપી રહી શમશેર હવેતો૦
તારે માથે કરીશ કાળોકેર હવેતો૦
તે છંછેડયો મણી ધરનાગ હવેતો૦
તારા તોડી નાખું હુતો તાગેતાગ હવેતો૦
તે મામાનું ખુન કરી લીધું રાજ હવેતો૦
વળી બાપને નશાડયો રણમાંજ હવેતો૦
એવું જાણી આવ્યો તું નીરધાર હવેતો૦
લઇશ પ્રાણ તારો આ વાર હવેતો૦

(એશાંભળી મુળરાજ એકદમ જોશાથી)

(રાગ—ક્ષત્રી કલંક.)

મુળરાજ-જરા વિચારીને લાખાતું બોલ્ય, શીશ ઉડાતું અને તણારે
તમે નથી હજુ અમારે તોલ્ય શીશ૦
માર્યા અરજુણે સુરકરણ શીશ૦
તેમ મારીશ હું તમને રણ શીશ૦
માર્યો વિહાદરે રાજા સલ્ય શીશ૦
તમે શિયાળીયાછો નીરબળ શીશ૦
હવે બંન્નેનો આવી રહ્યો કાળ શીશ૦
તમે કરી છે સિંહ તણી આળ શીશ૦

બન્નો લસ્કર સામ સામે લડે છે તેમાં ચહરીપુ તથા લાખો બ ત્ર જણુ મરણુ પામે છે અને મુળરાજના લસ્કર નામાણ્ શો જય જય ના સબ્દ મેળવી અને મુળરાજ સૈન્યસહીત પોતાની રાજધાની પર આવે છે

અંક ૩ જો

પ્રવેશ ૧ લો

સ્થળ—અણુહીલ પુરમાં રામા ભરવાડનું ઘર

પાત્રો- કાનીયો, જેઠીયો, માલીયો, જશલો, છોડીયુ અને પાછળથી, રૂડી તથા નગર શેઠની પુત્રી મનરસીક પ્રવેશ કરે છે, મનરસીકને આવતી જોઇને છોડીયુ રાસડો ગાય છે.

રાગ—રાસડો

છોડીયું-તેજ ભારે નિહાળું રે, ઉગમ આથમનો સુરજ
તેજ ભારે નિહાળું રે, ઇંદ્ર રાજાની પરી
તેજ ભારે નિહાળું રે, જેઠ માશની વીજળી
તેજ ભારે નિહાળું રે, જાણે પુનમનો ચંદ્ર
તેજ ભારે નિહાળું રે, જાણે રાજાની કુવરી

આવો રાસડો સાભાળીને જેઠીયો તેનાભાઇ બંધ પ્રત્યે

રાગ—અલ્યાકેજે ભગા મુંને ક્યાં માર્યો

જેઠીયો-અલ્યા સાંભળકાનીયા વાત કહું
કાનીયો-એવી વાતુતો મનમા લહું

માલીયો-આહા શુંદર નીહાળું નાર હુંતો
જશલો-કઈ દઉં એના આપાને હુંતો
જેઠીયો-જાજા જુરચીના તુંતો આહીં થારે
કાનીયો-ગેડી મારૂં હુંતો જોર થારે
માલીયો-ચોકાળ ઓઢાડીને ચાલા પાવી તને
જેઠીયો-લેને ઓઢાડી દઉં તેને
કાનીયો-ગેડી ફટાફડ વળગાડું તેને
જશલો-અરરહાય અરરહાય મરીગીયો હુંતો આહીં
જેઠીયો-ભાગી જાને રાડના ઘર માંહીં
જશલો-જાઉંશ હુંતો હવે ભાગી
માલીયો-ચાલો બેસાર ગેડી કેવી વાગી
કાનીયો-મારીશ જશલાને હુંતો આંઈ.
જેઠીયો- } મીત્રજાસું અમે કાનીયા ભાઈ
માલીયો- }
કાનીયો-ભલે આવજો તમે પાછા આંઈ.
જેઠીયો-પેલી નારપર જોઈ રહેજો કહું.
કાનીયો-પછી રોટલો ખાવો પહેલાવાત લહું. આદય
(સર્વે જાય છે ને કાનીયો વિચાર કરીને ગાયન કરે છે)

(રાગ—દરીયેમે હે તાફાની.)

કાનીયો-હું છુ કાનીયો આવાર, કરૂં જશલાને હાર
માફ ગેડી બેચાર, કાંઈ વધી વીસ્તાર હુંછુ૦
હોર ચાર એ રોજ, મારે કરવું છે કાજ
પરીઆવીછે આજ, રામા કાકાને ત્યાજ હુંછુ૦
અંગે ઉંચે.છું જુવાન, મારૂં કાનીયો છે નામ
ગામમા જાણેતુ છે ધામ, બીવે મારાથી તમામ હુંછુ૦

જોઠં આવુયે જયાય પરી આવી હોય ત્યાય,
મળશે તો તો થાશેઠીક, નહીંતો ગેડીયું વાળી ઝીક હું૦

(કાનીયો મનરસીકને એકેલી જોઇને વિચાર કરવા લાગ્યો કે હું રસ્તામા જઇને ઉભો રહું પછી તે જાયછે આ તમાસો કાનીયાની મારૂડીએ જોઇને)

(કાનીયાની મા કાનીયાના વખાણ કરેછે)

રાગ—પ્રભુમારી રાણુડી રૂડીપેરે સોનાની ચુડી

રૂડીબાઈ–કાનીયો હંસાનો હાજો, દીશેછે નખરો રાજો
વાણી બોલેછે એવી મધુરી, કેના ઝુભ કપાય
ગેડી લઈને દોડેછે સામો, ગામમાં એવો પંકાય કાનીયો૦
બકરા ચારે ઘુમણહું મારે, આધો પાછો ગાય
વારવા જઇયે તો ગેડી લેછે, મારે ત્યાંતો ત્યાંય કાનીયો૦
ભુન પડાવે ગામમા જાઝી, દુઃખ કોને કહેવાય
સવારમાતો ગેડીલઇને, જાયછે ગામની માંય(જાયછે) કાનીયો૦

મનરશીક દુધ લઇને જાય છે

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તામાં કાનીયો ઉભો છે ત્યાં મનરશીકને પાછળથી કેશરી મનરસીકને આવતી જોઈને કાનીઓ

રાગ—નારતુને

કાનીયો– (મતરસીક પ્રત્યે)
પ્યારી માની જજે તુ આવાર
માનીજા, માનીજા, માનીજા, માન

ખઈસ હવે ઘણો માર પ્યારી૦
ખારો ઘણો શુ આંબલી જેવો
ખુબ મારૂં તુને માર પ્યારી૦
ઘણાય દીવશથી નોતી આવી
ઠીક આવીગઈ આ ઠાર પ્યારી૦

રાગ—ખુશી બગાડી કરી દીધાછે અનાડી (જોસાથી)

મનરસીક-તારી અકલ કયાં ગઇ, બોલ્ય વિચારીને આંઇ
તુંતો કહ્યું તુને કાંઈ, કેમલુચ્ચાઇ કરે તારી૦
યારો તારી ખુવારી, લેજે મનમાં ઉતારી
તુતો યઇશ આજારી, વદુ ખરેખરૂં તારી૦
મારે આવવું નથી પાસ, તારા મનમાં હુલાસ
બેશે કરીને તું હાસ, સિંહ સામો જાને તારી૦
દુઃખ દેછો સારારૂ, નહીં મનમાં ઉતારૂં
મત્યું યારો અહીં તારૂં, જટ જાને ઘરે તારી૦

કાનીયો ઉતર આપેછે

રાગ—પૈશા પૈશા પૈશા તોરી અજબ બની બલીહારી

કાનીયો-પ્રાણપ્યારી, પ્રાણપ્યારી, તુછો પ્રાણ પ્યારી
રાખીસ તુને સારીરીતે, પ્રાણ પ્યારી મારી
મુખતારૂ લાગે સારૂં, મુજને આણંદકારી
તારાજેવી નારી થોડી, દુનિયામાં આવારી
દુઃખહરનારી તું મારી, મુજને સુખ કરનારી
તે મનમાં રાખીછે હાસ, મારા દીલને હરનારી
લેવચન આપુ તુજને, ભાવ ધરીને નારી પ્રાણ૦

રાગ—દુરથા દુરથા જીવલઈ નાશીજા

મનરસીક- (કાનીયા પ્રત્યે)

ખસજા, ખસજા, આખ્યું ચોળી તું બાગીજા
પાપી આવ્યો સાને તું દુઃખ તણું ફળ પામે
ભોળી જાણીને આવ્યો તું, મારૂ તુને આ હામે ખસજા૦
દુરથા, લઇશ પ્રાણ આજે તારો, હજીમુને છોડતું
કર મારી ઉપર દયાની નજર, દયા રાખી આ વારતું
સ્વાદ લેજે આનો જતું. ખસજા૦

કાનીયો-(ઊતર આપે)

રાગ—(ઓખાહરણનો)

શુણ વાત તું મારી પ્યારી.
તું તો કરજે મારી સાથે યારી.
તું તો શીર ઉપર છો મારા,.
હું તો કષ્ટ કાપાશ તારા.
તાબેદારી થાજે તું મારી.
પ્યારો માની લેજે આ વારી.

(મનરસીક નહી માનતા બીજુ ગાયન કરે છે.)

રાગ—અરે જોગી શાને ફરેરે ઉદાશ.

કાનીયો—અરે પ્યારી શાને કલપાંત કરે,
મનને સાને સાંતિ ના કરે.
કબુલ તું કર્ય ને મારી ત્રીયા,
સુખરે ભોગવશુ મારી પ્રીયા. અરે૦
ક્રોધ તુંતો સાને માટે કરે,

મારૂ દીલ તુને શાંતિ કરે. અરે૦

(મનરસીક ઉતરઆપેછે જોરશથી)

રાગ—બુધ્ધી બગાડી કરી દીધાછે અનાડી

મનરસીક—મારૂ માનજે આધાર, કહું વારમવાર.
તુતો થાઇશ ખુવાર, જરા મનમાં ઉતાર. મારૂ૦
નજરે જોઈ લેજે આજ, તારૂ બગાડશે કાજ.
દીવશવિને નહીં સાંજ, નહીં રાખુ હું તો લાજ. મારૂ૦
જીવતો નહીંરે આદન, કરજે જીવનું જતન.
વળગે તુને ડાકણ, ઉમંગ થશે મારે મન, મારૂ૦

(એ સાંભળી કાનીયો.

રાગ—બનજારો.

કાનીયો—એવી વાત જવાદે નારી, મનમાં ફીચાટ થાયછે પ્યારી.
હું કહું છું તારે કાજે, ખાળી જકડ કરે શું આજેરે.
તું લેજે તનમાં ઊતારી, મનમાં૦
હવે જણાવ્ય તારૂં વ્રતાંત, હું તો ઉભો છું સાક્ષાતરે.
નહીં મારૂ તુને આધારો, મનમાં૦
વળી રૂપાળો કેવો હુ છું, જાણે અંદરરાજા જેવોછું.
તુ લેજે નજરમાં વિચારી, મનમાં૦

કાનીયો મનરસીકને ઘણું ઘણું સમજાવેછે પણ નથી માનતી ત્યારે

રાગ—સાંભળો સાહેબ અજબ તડાકા.

કાનીયો—હુ જેવોયે રૂડો રૂપાળો, આ દુનિયામાં નથી કોઇ.
હુધ વાળો હમજણ વાળો, તું તો મને લેજે જોઈ.
કેવુ રૂપુ પરખી જાણું, રાજા અંદર જેવોહુ.
ઘણો સુ ખળીયો હો ધુતડીયો, વગડામાં સિંહ જેવોહું.

મારૂં મોઢું અંદર જેવું, ભાઇ કરીયોછે વાન.
લાંબી મારી ચોટી જોતા, તારાજેવી નારી ભુલે ભાન.
જે ગુલ ગુલીયા જેવા ગાલછે, ભુત જેવો હું આજ.
જે ઘેટા જેવું નમણું નાક, જાણે રેડા જેવો આજ.
જોને પાહે રાખ્યું કેવું, કાળા ટબકા વાળુંમે.
માથે બાંધ્યું કેવુ સારૂ, ચોડા ફુમકડા લઈલે.
જોઆ બંડી કેવી તું રંડી, મારૂ માની લેજે આજ.
નામ કાનીયો મોટું મારૂ, જાજા ઘેટા બાકરા ઘર.
જોઆ ધુલલું હોએ કેવું, પાસે હાસુ બોલીદે.

(કાનીયો મનરસીકની ઉપર બહુ જુલમ ગુજારેછે તેવામાં મુગરાજતો મીમકેશરી ફરવાને માટે નીકલ્યાછે તે ત્યા આવેછે ને આ તમાશો જોઇ શીપાઈ પ્રત્યે.)

રાગ–ચાલો ચાલો સિપાયું આપડે લડવાને તૈયાર

કેશરીસિંહ–દોડો દોડો સિપાયું, પકડોને આવાર.
કોણતણીએ પુત્રીછેને, કોણ તણો ભરવાડ.
સાકામે પ્રપંચ કરે છે, પકડીલ્યો અહીં યાય. દોડો.
કેદ રાખજો બરાબર, કારણ પુછો સાફ.
નહીં તો જાશે ભગી આજે, રાજા કરે ઈનસાફ. દોડો.

(બન્નેોને પકડીલે છે ત્યારે

રાગ–નીરઅપરાધીને પકડવામાં કેમ આવતો નથી ગમાર

મનરસીક–અમને પકડી જાવ થી તારા, હાથમાં આવશેકેવો લાભ
છેડ કહું છું છુટી મુંકયતો, બતાવું તુને આવાર.
જાણી જોઈને હાથ બંધાવ્યા, હું તો સમજછુ નીરધાર.
નીતી રાખજો મનમા આજે, અનીતિમાં નથી સાર.
દુઃખ આપેછે જાલમુને, કહું છું હું તો વારમવાર. નીર

રાગ—હાં ચટક લટક સટક તે આ ઘટમહી ઉતાર્યુંરે.

કેશરી—મારૂ ઠાર આ પાપીને પ્રણીજ હું વિચારીરે
મટકીની હારે માથુંયે સારે, આજે ખચીત મારૂરે. જીવલેવોરો મારૂ૦
નારી તણું તો વેરહું વાળું, હઉ તેણે સમજાવીરે. આવારીરે. મારૂ૦
સા કારણથી મારેછે તેને. કહું તુને જણાવીરે. મનાવીરે. મારૂ૦
જા કહું છું જાને આહીથી, શમશેર જોઆવારીરે. નીહાળીરે. મારૂ૦

(કાનીયો ત્યંથી જાય છે તેવા સોપાઇ તેને પકડે છે ને કેશરી કહેછે કે આ ભરવાડને ગામમા મેલી આવો ત્યારે સિપાઇ કાનીયાને લઈને જાયછે.

રાગ—સિતાજીના મહીના.

મનરસીક—કેશરી પ્રત્યે.

ધન્ય આર્ય પુત્રછે આજ, બચાવી મુજને.
દીસોછો ગુણ તણા નીધાન, શુરાના પુત્ર તમે.
મુને પીડતો તો પાપી અથાગ, કહુંશુ મુખથકી.
આવી બચાવી આપે આય. શીયળ તોડતતે નકી.
માટે બનીછું આપની આય, હુંતો આભારીરે.
હરીમળ સુરાજ કુમાર, કૃપા ઘણી નીસારીરે.

(ગનરસીક ચાલી જાયછે ને કેશરી વીચાર કરેછે ગાયન ગાયછે)

રાગ—મહા જુલમ જગત નીમાયે.

કેશરી—જરૂર ચાલી ગઇ નારી, નક્કી મુજને વિસારી. જરૂર૦
મે તો દીલ દઇ કર્યો વિસ્વાસ, ઉભો તો ખાસ.
મનમાં કરી આસ, તનને વધારી. જરૂર૦
મેંતો લીધુન કાઇ વચન, કર્યું જીવનુ જતન.

મહ્યું તું મુજને રતન, ભરવાડને કાઢી. જય૦
વહાલી પાળીન સકી પ્રીત, ઠગી ગઇ ખચીત.
લઇ ગઇ ચીત, વિરહ સર મારી. જય૦
વહાલી બોલી ગઇ કોઇ આમ, રહી ગઇ હામ.
કરતું એવું કામ, કયાં ગઇ પ્યારી. જય૦
(મનરસીકની પાછળ જાયછે ને પડદો પડેછે)

પ્રવેશ ૩ જો.

સ્થળ—મનરસીકનો ખાનગી મેહેલ.

પ્રાત્ર—મનરસીક વેણી, દાસી ને પાછળથી કેશરી.

રાગ—પાણી ભરવા હું ગઇ તીરે; સાહેલીનીસંગે.

મનરસીક— (દાશી પ્રત્યે)

સુણ દાશી મુજ વૃતાત, કહુ હું વિસ્તારીરે;
અપ શુકન થયા આંય, લેજે ઉર ધારીરે. સુણ૦
અહીંયાથી હુંતો ગય, પય (દુધ) લેવાને કાજ.
મળ્યો નઠારો કાનીયો, નકકી લેત તે લાજ.
આડો ફરીને ઉભો તેહ, બોલ્યો ન વિચારીરે.
ઠઠાબાજી કરી તેણે ત્યાંય, કહું છું આવારીરે. સુણ૦
સમજાવ્યો સમજે નહીં, ભુત જેવો ભરવાડ.
સામો ગેડી લઇ દોડીયો, પછે કર્યા બહુ લાડ.
તેવે સમે આવી ચડયા ત્યાંય, રાય તણા તો મીત્ર.
નાઠો કાનીયો લઇ તેનો જીવ, કેશરી શીરતણા છત્ર, સુણ૦

જો મળશે મુજ કેશરી, ત્યારે મુજને આરામ.
નહીંતો મુજ પ્રાણ જશે, જરૂર કહું આપામ.
મારૂ મન લલચાણું આજ, કેશરી સિંહની ઉપર.
આવશે પ્રાણ તણા આધાર, બેની તું નીચે ઉતર. સુણ૦
દરવાજે ઉભા રહે, જોઇ વખતનો સાર.
મુજ માત પીતા જાણે નહીં, પહેલા કરવો વિચાર.
તેવે કામે એની થા તૈયાર, કોઇન જાણે વાત.
આમે મેટાના છોરૂ આપ, ઉચામાં ઉચી જાત. સુણ૦

(મનરસીક વેણીને સર્વે વાત કહેછે ત્યારે વેણી તે વાત ખોરી માનેછે ત્યારે મનરસીક.)

રાગ—આશાગોડી.

વીતી વાત કહું દાસી, પ્રીય મારી, વીતી વાત કહુ દાસી.
આહીંથી ગઈતી બેનીરે જયારે, ભરવાડ કેરે અવાસી. પ્રીય૦
પય (દુધ) લઇને પાછીરે વલી, રસ્તે બની ઉદાસી. પ્રીય૦
ભરવાડનો જે પુત્ર કાનીયો, તેણે કરી મુને નિરાસી. પ્રીય૦
તેવે સમે ત્યાં રાયના મીત્ર, આવ્યાં જલદી ધસી. પ્રીય૦
નશાડયો તે દુષ્ટને ત્યાંથી, મુને કરી હુલાસી. પ્રીય૦
માટે વેણી ચેનના પડે, કેશરી દરસન પ્યાસી. પ્રીય૦

(કેશરીને આવતો જોઇને દાસી)

રાગ—વીરા વેસ્યાના યારી.

વેણી-મનરસીક પ્રત્યે.

કહું મુખથી વિસ્તારી, સદ્‌ગુણી નારી, આવેછે દીલદાર.
જેછે તમારો યારી, છે સુખકારી, જેના આભારી. આવેછે દીલદાર
ગુણીયલ તો તેહ દીસેછે. છગીલો છેલ આવાર.

ચંદ્ર કરતા અધિક રૂપાળો, જાણે ઈંદ્ર અવતાર.
છબી બીહારી, મન હરહારી, લેજો વિચારી, આવેછે દીલદાર

રાગ—દક્ષણી લાવણી

મનરસીક—દાશી કહું તુને, લાવ્યા મારી પાશરે.
લાવ્યને નાથ, કરીને વાત, એછે નાથ, બક્ષીરે ભાત.
લાવજે હુલાશેરે. દાશી૦
નહી કર વાર જરી, પડેના મુજને ચેનરે.
સજુ સણગાર, આણીરે વાર, આવે ભરથાર, પ્રીતમ પ્યાર.
જલદી તુ તો જાનેરે. દાશી૦

રાગ—ભલે પધારયા આજ.

વેણી—કેશરી પ્રત્યે.
બોલાવે બાઇ અવાર, પ્રીતમતેના, બોલાવે બાઈ અવાર. ટેક.
રંગે રૂડા, રૂપે પુરા, ખોડ નહીં લગાર. પ્રીતમ૦
કૃપા કરીને આપ પધારો, દીન કરે દુવાર. પ્રીતમ૦
પ્રેમે કરી મુજ બાઇ બોલાવે. કરો તેને સુખકાર. પ્રીતમ૦
(કેશરી દાસીને પત્ર લખી આપેછે તે લઇ દાસી જાયછે ને કેશરી ગાયન કરેછે)

રાગ—આભરૂ વાડણી અજબ અપાર.

કેશરી—આવણીક કુવરી ઘણી હોશીયાર, અતિ હોશીયાર. આવણીક૦
રતિ જેવું તો રૂપછે અંગે, પરી અવતાર. આવણીક૦
મૃગલી જેવા કટાક્ષ જેના. તીવ્ર મારે કટાર. આવણીક૦
માટે પ્રીતી બાંધુ તેની સાથે, જોઇ પત્રનો સાર. આવણીક૦
(ત્યાંથી કેશરી કચેરી તરફ જાય છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ—લાટ દેશમાં દુર્વાર્પની કચેરી.

પાત્ર-દુર્વાર્પ, પ્ર. ગંગાદાસ, સે. સંગાજ વિદુષક, ને પાછળ થી મુળરાજનો સિપાઇ.

રાગ—ઠુમરી.

દુર્વાર્પ—પ્રધાન પ્રત્યે.

મમ પ્રધાન તમે, મમ પ્રધાન તમે, કહો રાજની બીનાય.
ચાલેછે કેવી રીતથી ન્યાય, તે સત્ય કહો સચીવ આઈ.
મુજ પ્રજા સુખ પામે કેવું, વળી શત્રુની મગરૂરી હોય તેવું.
તે કહો સચીવ તમે આચાર, તે સુણવાને પાકુળ છીયે નીરધાર

રાગ—ધનાશ્રી.

ગંગાદાસ—ચાલેછે ન્યાય સુભકાર, સદ્‌ગુણી રાજા, ચાલેછે ન્યાય સુભકાર
ધર્મ સરીખુ રાજ ચાલેછે, શોભાનો નહી પાર. સદ્‌ગુણી૦
પ્રજા સર્વે આપની સુખે, વરતે જય જયકાર. સદ્‌ગુણી૦
નીર્બળ સત્રુ દુર થયાછે, તજી સર્વ અહંકાર. સદ્‌ગુણી૦
કરીકરજોડી આપને કહું, સત્ય સભામો જાર. સદ્‌ગુણી૦

(મુળરાજનો સીપાઈ પ્રવેશ કરીને.)

રાગ—ગીતી.

સિપાઈ—મહારાજાધીરાજ સોલંકી મુળરાજ તણી આણ.
માનવી તમારે તો, કહેવા મોકલ્યો છે નીરવાણ.

(દુર્વાર્પ વિચાર કરીને)

રાગ—ઓખા હરણનો.

દુર્વાર્ય—કેજે સિપાઇ રાજાને તમારા.
અમે નથીજ આણ માનનારા.
ભલે લડવા આવે એ આપે.
તેને મારીશ શમશેર ઘાયે.
નથી રાખતો તેનો ભય આજ.
ભલે લડવા આવે તારો રાજ.
(એવુ સાંભળી સિપાઇ જાયછે)

—⟶⟵—

પ્રવેશ ૫ મો.

સ્થળ—મુળરાજની કચેરી.

પાત્ર—મુળરાજ, કેશરીસિંહ, ચામુંડ, પ્ર. રત્નપારેખ, સે. સુરાજીત, વિદુષક ને પાછળથી સિપાઈ.

રાગ—લાવણી.

મુળરાજ—શાંતિ થકી કરીયે રાજ મમ પ્રધાન.
સર્વે રાજ થયાછે તાબે મુકીને માન.
કંટા સત્રુ ને, માર્યા રણની માંય.
તેવે સમે આપણી ઇશ્વરે, રાખી લાજ.
લાટદેશ ગીયો છે આહીંથી સીપાઇ.
તે રાજા નીર્બળ થઈ પડશે પાય.
વાસ્તે રોકાણો હશે સીપાઇ ત્યાંયે
જરૂર આપી હશે મીજબાની તે રાજાયે,

રાગ—સીહાનો કનરો

પ્રધાન—સાંભળો રાજા વાત હમારી, દેશ બધા છે તાબેદારી.
કિર્તી તમારી પ્રકાશી આજે, કો રાજ નાવે ગુર્જર રાજે
શુરા ગવાણા સઘળ રાજમાં, આપ પંકાણા સર્વ રાજમાં.

(સીપાઇ આવે છે. ને)

રાગ—જક્ડાવો સીતમકું.

સિપાઇ-કહું એક વાત સુણો રાજન.
આહીંથી ગયો તો ધરીને ઉમંગ.
દુવાર્પને કહ્યું માનો તમે આણ.
જેર છે સદગુણી રાજા સુજાણ.
એના વેણ સુણીને ઉઠી ઝાળ.
બોલ્યો તે કરશે શું ર શિયાળ.
તેણે માની નહીં આપ તણી આણ.
બસે લડવા આવે કહું નીરવાણ.

(એ સાંભળી)

રાગ—ક્ષત્રી કલંક.

મુળરાજ-એવું બોલ્યો જ્યારે દુવાર્પ. તેને તો હાલ છતું રે.
જેમ હારાવી કાઢી મુકયો બાર્પ તેનેતો૦
તેને નથી હજી મારી પીછાણ તેનેતો૦
પાપીના લશ્કરનો વાળું ઘાણ તેનેતો૦
દુષ્ટે છંછેડયો નાગ મણીધર તેનેતો૦
હવે ચઢુ હું લઇ લશ્કર તેનેતો૦
કર્યું નઠ્ઠરે મારૂં અપમાન તેનેતો૦

રાજ સાચવજો મુજ પ્રધાન તેનેતો૦

(એ સાંભળી મુળરાજનો પુત્ર બોલે છે.)

રાગ–સ્વારી કરી ચલાવ અસ્વપર

ચામુંડ–અહીં બીરાજો પીતાજી પ્યારા જાઉં રણમાં જનનન૦
સત્રુઓ કેરા પ્રાણ લઉં ખડક ચલાવી ખનનન૦
જ્યારે હુતો ઘાવ કરીશ સત્રુ કરશે અરરર૦
તોપો પોકરાવું સત્રુને ભાગે રણથી ભનનન૦
હેતે કરીને આગના આપો શુર ઉરે છે તનનન૦
નીરભય શત્રુ સુરે જાગે સમસેર ચલાવું. સનનન૦
સૈન્ય લઇને ચડું આંહીંથી વાજા વગડાવું. ઝનનન૦
વીજય કરીને હમણાં આવુ દેવરાવુ ડંકે ઘા ધનનન૦

(ચામુડના આવા વેણ સાભળી કેશરી મુળરાજ પ્રત્યે)

રાગ—હું નહીં વરૂં હું નહીં વરૂં.

કેશરી–સુણો વડીલ તમ સુણો વડીલ તમ નચિંત રહેજો આહીં
મારશું તેહને રણ માંહી, સુરા થઇને ત્યાંઇ. સુણો૦
નહીં પામીયે હાર, નહીં પામીયે હાર, આવે કુંવર સાથ,
પરાક્રમ દેખાડે સત્રુને, રહી અમારી સંગાથ. સુણો૦
છે ક્ષત્રી ધર્મ, છે ક્ષત્રી ધર્મ, બાળ વયમાં લડવું,
શત્રુઓનો નાશ કરવો, લડાઇમાં ઉતરવું સુણો૦

(એ સાંભળી)

રાગ—સદર.

મુળરાજ–કેશરી પ્રત્યે
ભલે રૂચી તમારી, ભલે રૂચી તમારી, ખુશી થકી તમે જાઓ.

શત્રુઓને રણમાં મારજો, વાદાય હવે તમે થાજો.
(કચેરી બરખાસ્ત થાય છે ને કેશરી મનરસીકને મહેલ જાય છે.)

પ્રવેશ ૬ ઠો

સ્થળ–મનરસીકનો ખાનગી મહેલ

પાત્ર–મનરસીક, દાશીવેણી ભીમોને પાછળથી કેશરીસિંહ

મનરસીક તથા દાશી બન્નો જણ મહેલમાં છે તેવામાં કેશરી સિંહ આવે છે કેશરીને આવતો જોઈને બીમો દરવાજો બંધકરે છે ત્યારે કેશરી બીમા પ્રત્યે.

રાગ—

કેશરીસિંહ–દરવાજો બંધ કેમ કર્યો ; લુચ્ચીના; દરવાજો
કચેરીમાંથી નીકળ્યો જયારે;
અધવચ તું તો નડયો; લુચ્ચીના૦
દેશ મારવાડથી શેઠોજી નીસર્યા;
રસ્તામા ભૂલો પડયો લુચ્ચીના૦
તેવે સમે ત્યાં કોઈ નહોતું;
ગધેડો સાંમો મળ્યો. લુચ્ચીના૦
શેઠોજી તેની પાછળ પડયા;
પાટુનો ઘા કર્યો; લુચ્ચીના૦
મારવાડીતો મરણ પામ્યો;
લઇ અગ્નિમા હોમ્યો; લુચ્ચીના૦
તેવીજ વલ્લે તારી થાશે;
શમશેરને રંગ ચડયો લુચ્ચીના;૦
એસાબાળી બીમો બીહીના બાગ્યોને ઉતર આપે છે

સહર

ભીમો-શમશેરથી બીઇ મરૂં, રાજાહું; શમશેર
કામણગારી શમશેર તારી,
તાર કહ્યું હવે કરૂં; રાજાહું૦

ભીમોદરવાજો ઉઘાડો મુકી ચાલ્યો જાય છે ત્યારે કેશરીમનમા વિચાર કરે છે કે હમણા દાસી કે મનરસીક આવશે પણ કોઇ નથી આવતુ ત્યારે

રાગ—હું કાળીનાગણ થઈ ડશું ગુણકાને

કેશરી-રે હવે રહ્યા નહીં સાર, દુનિયામાં યાર, કરોને વિચાર હવે શું કરવું
હું સિંહ જોરાવર થઇ રસીકને ધરવું.
હું કદી શેરીમાં જાઉં નીહાળી જોઉં વખત જો ખોઉ. મનમાં વિચારી
ખરે ખરા વચનો કહું છું તમને વિસ્તારી,
આમે આવીયે પત્ર એ ત્યાંય, કરે વિચાર ઉરમાય, સરમ મનમાય બોલીન
જો વચન કહું તો જાય સુકાઇ મનમાયે (સકાયે.
પાછો ઉતર આપે નહીં કાંઇ, રહેવું આઈ, ધકાયે ખાઈ, વધારે શું કહેવું
હું સિંહ જોરાવર થઇ રસીકને ધરવું.
હવે કેવું કોને આ કામ, મારાથી મુદામ, કુટીલખની કામ અરપી આન્તરી
ખરે ખરા વચનો કહુ છું તમને વિસ્તારી
મારી તાબે કરવાને આજ, વિચાર મનમાંજ કરવું એવું કાજ, વેરીનુ વેર વાળવું
મારે સજ થઇને લડાઈમાં ઉતરવું.

(એટલામાં દાસી દરવાજો ઉઘાડીને આવે છે ને કેશરીદાસી પ્રત્યે)

રાગ--કામણ ગારીનારીકને સુને વાત તારીરે

કેશરી-સાંભાળ વેણી કહું વાત તેતોલેજે, ધારીરે.
લેજે ધારીરે, મનવિચારીરે, સાંભળ૦

પ્રપંચ કરી સમજાવ્ય તેને, કહું છું હું તો આંય.
ઈચ્છા મનરસીકને મળવા, મેહેલ મેરી માંય સાંભળ૦
જરૂર વેણી વીચારી કહું, માનજો સત્ય વચન.
મૂળરાજનો મીત્ર હું છું. ક્ષત્રી કરો તંન. સાંભળ૦

રાગ--કેરબો

વેણી-કેશરી પ્રત્યે

બલે પધારો રાજ ભુવનમાં, કહું છું વારમવાર.
મનરસીકની જોડ આપછો, રૂપ છે અપરમપાર. સાંભાળ૦
પ્રીત થકી મુળબાઇ બોલાવે, રમવા સાછે જાર.
તમ દરશનની આલાતુર બહુંછે, કહેમુખથી ભરથાર સાંભાળ૦

વેણી-કેશરીને લઇજાય છે ને થોડોવખત રહી પછી આવવાનું કહી કેશરી જાય છે

પ્રવેશ ૭ મો.

સ્થળ--સુર્યવંતિનો મેહેલ

પાત્ર-સુર્યવંતિ, ચાચણુદેવી, દાશી અને મુળરાજ ને પાછળથી ચામુડ આવીને

રાગ--બંધકીલો બાપુ છે શું કામ

ચામુડ-બાપુ શોપો મુને એવું કામ, પીતા શોપો મુને એવું કામ
મારે લડવાને જાવુંરે. બાપુ૦
હુતે કરીને અમનેરે સોપો, સત્રુઓ મારૂં તમામ.

મારે સત્રુઓ મારવા તમામ, મારે. બાપુ૦
બકવા કરે છે શું તે શિયાળીયો, મારશું રણમાં ઠામ.
અમે મારશું રણમાં ઠામ, મારે. બાપુ૦
સુર્યવંતિ–ચામુડ પુત્ર વયે છે શુરવીર જીતશે દુર્વાર્પનું ગામ.
એતો જીતશે દુર્વાર્પનું ગામ મારે. બાપુ૦
મુળરાજ–શાબાશ છે પુત્ર લડવાને જાઓ, કિર્તી ગજાવો તે ધામ;
તમે કિર્તી ગજાવો તે ધામ, મારે બાપુ૦
ચામુડ–આજ્ઞા આપે માત પીતાજી, સુરવીર ચામુડ મુજ નામ;
જાણો સુરવીર ચામુડ મુજ નામ૦ મારે બાપુ૦

(ચામુડ લડાઈ કરવા જવા માટે તૈયાર થયો છે તેવામાં તેની બેન ચાચણદેવી કંકુ લઇને આવી ભાઇને ચાડલો કરે છે ને આશીશ આપે છે.)

રાગ—થઈ ઘણો વીદેશ વિખ્યાત.

ચાચણદેવી–ભલે આપું તુંને આશીશ ભાઇ તું વેહલો આવજે.
માારા બંધુ શુર દેખાડ જે,
મારા ભાયું શુર દેખાડ જે. ભલે૦
જઈ રણમાં થઇ શુરવીર, કુખ દીપાવજે મારા૦
તુને સદા કાળીકા સહાય, શત્રુ નસાડ જે મારા૦
તારી શોભેલી જે તલવાર, લડાઇમાં કાઢજે મારા૦
બંધુ હજો તારો વીજય સર્વે મારજે મારા૦

(પડદો પડે છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—લાટ દેશમાં રાજા દુર્વાર્પની કચેરી.

પાત્ર–દુર્વાર્પ, પ્રધાન, સૈન્ય પતી, વીદુષક. પાછળથી સોપાઇ.

દુર્વાર્પ–કેમ પ્રધાનજી હાલમાં રાજ કેવી રીતે ચાલે છે.

ગાદાસ –મહારાજાધિરાજ આપણા રાજમાં કોઇ પણ દુઃખી એવું
માલુમ પડતું નથી.

દુર્વાર્પ– કેમ સૈન્યપતિ એ વાત ખરી છે.

સંગરાજ– એ વાત તો ખરી મહારાજ પણ કાલ સવારે ભીમા રબારીની
બકરી માલીએ ઠેઠ મારી નાખી એ વાતતો કંઈ પણ
બંદોબસ્ત પ્રધાનજીએ કર્યો નથી અને વગર ગુન્હા
એ વિદુષકના ભાઈને કેદમાં નાંખ્યો શું તે બ્યાજબી છે.

વિદુષક– ફરીયાદ, ફરીયાદ,

દુર્વાર્પ– અહા વીદુષક વળી તારે શું છે.

રાગ– મારા કાજીસાહેબ

વિદુષક– મારા સરકાર સાહેબ (૨) વાત કહુંછું આજે હુંતો ખરે ખરી
બકરી મારીતી ઠેઠ માલીએ; કહુંછું વાત વિચારી
પુછી જુઓ પ્રધાનજીને ઘણી ભીમો રબારી– મ.રા૦
વગર ગુન્હાથી નાંખ્યો કેદમાં એવું ચલાવે રાજ
રાજ જશે દુરજનને હાથે. વિચારો આપ મનમાજ– મારા૦
પ્રધાનજીની કેવી અકલ છે વાતો કરેછે સાફ
ન્યાય રીતીથી નથી આપતા કરે કેવો ઇન્સાફ મારા૦

દુર્વાર્પ– વિદુષક? તું કહેછે તે ખરૂં છે તારા પહેલા મુને સૈન્યપતિયે
એ વાતથી વાકેફગાર કરેલ છે.
માટે વીદુષક તારે કંઇ ફીકર નહી હું તારા ભાઇને છોડી
મુકે એવો હુકમ સીપાઈને કરૂછું

રાગ ગીતી

સીપાઈ– ગુર્જરપતિ મુજરાજે કહું જે લડાઈ કરવા સજ થાઓ
પુષ્પની શકતીનો એ તો રાજ છોડી જંગલ જાઓ

રાગ—રજા માગુ છુ પ્રીયર જવાની.

ગંગાદાસ–સુણો રાજન કહું વીસ્તારી–કૃપાળું સુણો
આનંદેથી અહીંયા રહો મુજ વિનંતી સ્વીકારો. કૃપાળુ૦
આપ પ્રતાપે રણમાં જાશુ કરી સૈન્ય તૈયારી– કૃપાળુ૦
હામ ધરીને એક આવ્યોછે બતાવે રોફ ભારી. કૃપાળુ૦
માટે તેને રણમાં મારીશું. આજ્ઞા કરશો તમારી. કૃપાળુ૦

રાગ— સદર—

દુર્વાર્ષ ધન્યછે સચીવ આવારી. સુપ્રધાન. ધન્યછે.
હીમત તમે આવી આપોછો ધન્યછે માત તમારી સુપ્રધાન૦
તમારૂં કામ રણમાં નથી જાવું મારે લઈ સ્વારી સુપ્રધાન૦
દુષ્ટે મનમાં અંહકાર આણ્યો માટે કરૂં હું તૈયારી સુપ્રધાન૦
૬૫ સૈન્યપતિ તમે તૃયાર થાઓ કરીએ દુશ્મન ખુવારી સુપ્રધાન૦
(વિદુષક બોલી ઉઠેછે કે પ્રભુની માયા બેશકાળી ને દુધ
કેવું ધોળુ કેમ પ્રધાનજી)

પ્રધાન–બેશ બેશ છાનો માનો એ વાત જવાદે.

વિદુષક–હશે જેમ એને ગમ્યું તેમ ખરૂં એમાં આપડો ઉપાય છે આઠ પગને આવળા સવળામો વગર સુતારે સાલવ્યું ચતુર હોતે પ્રધાનજી કહો.

પ્રધાનજી–જે વાત થાય છે તે વાત કરતો નથી લડાઇની વાત તો કર્ય.

રાગ—સાભળો સાહેબ અજબ તડાકા.

વિદુષક–હું મારૂ છું દેવા ગપાટા, સાભળી લેજો સર્વે આઇ,
તોપને તો ખભે ચડાવી, મારે ભડાકો કરવો નહીં.
પીસ્તોલથી તોબીક મરશું, સોટી સરખી ઊપડે નહીં.

સિંહનેતો ચોળી નાખી, હાથીને દબવી દઉં આંઈ.
બકરાથી તો નાસી જાઉ બીલાડીથી દબાઉ આંઈ.
કુતર ભઉ ભઉ કરે ત્યાંરે, ઘરનો ખુણો ગોતું હું.
વડલાને તો ખેંચી કાઢું, ઓટો મારી હું તો આજ
દાતણ સરખું નીકળે નહીં, થાવ નહી શુ મારાથી કાજ.
પર્વતને તો ઠેબે ઉરાડું, કાં કરીથી બીઈ મરું હું.
સુરવીર કેવું નામ વિદુષક, લીલો વાવરો ચડે ત્યાં જાઉ હું,
(દુવાર્પ સૈન્યાપતિને સૈન્ય તૈયાર રાખવાનું કહી પોતે અંતહ પુરમાં જાયછે. ને કચેરી બરખાસ્ત થાય છે પડદો પડે છે.)

પ્રવેશ ૯ મો.

સ્થળ–મનવંતિનો શયનગૃહ.

પાત્ર–મનવંતિ દાશી અને પાછળથી દુવાર્પ રાજા પ્રવેશ કરે છે

રાગ–વૈદરભી વનમાં વલવલે

મનવંતિ-રાજા પ્રત્યે

સ્વામી મારા સુલક્ષણા, દઉ છું આવાર.
કચેરીમાંથી આવતા, વિતી દેર અપાર. સ્વામી૦
પળ એક જાય છે વર્ષની આપવીણ, પ્રાણનાથ.
ચેનના પડે આપ વિના કહું જોડી બે હાથ. સ્વામી૦
ચતુર સ્વામીજી માંહીરા, અર્જ કરેદાશી દીન.
માટે રોકાશો નહી તમે, સુખ નહી આપ વિણ. સ્વામી૦

રાગ માનુની રાજ કરનદે જોગી મત કરરેમા

દુર્વાર્પ–સુણ પ્રીતમ પ્યારી, લડવા જાવું મારે આજરે.
મન–સુણો સ્વામીજી મારા, વાત કરશો નહીં તમે.
દુર્વાર્પ–ક્ષમીરે કેશેરે પુત્ર થઇને' કેમ બેશી રહું.
ચરચ્યારે કરે દેશ લોકનઃ, માટે રજા આપને તું. સુણ૦
મન–દેશરે કીયો જીતવો કથજી, શુ છે નામ રાજન.
કૃપા કરી મુજને જણાવો, ઈછા મારે મનરે. સુણો૦
દુર્વાર્પ–ગુજરદેશ જે જગ વીખ્યાત, મુળરાજ રાજન.
જાવું લુટવા તેની સાથે, કરૂં તેનેપતનરે. સુણ૦
મન–નહિં નહિં પ્રાણ એ શું બોલ્યા, અતુલ્ય બળીયો રાય.
તેનેરે પોહોંચી કેમ સકાય, નથી કરવી લડાઈ સુણો૦
દુર્વાર્પ–કાયર વચન વદન પ્રીયા, મારૂં તેને તે ઠાર.
હિંમત આપો પ્રીયા મુજને, સુભ બોલો આવારરે. સુણ૦
મન–નથીરે લસ્કર એવડુ આપણ, મુળરાજ છે બહાદુર.
નિચ્ચે મારે એતો આપને, લસ્કર કરશે ચકચુર. શુણો૦
દુર્વાર્પ–નિચ્ચેરે મારે જાવું યુધ્યમાં સૈન્ય કર્યું તૈયાર.
ખુશીરે થઈને રજા આપો, પ્યારી વખત વહી જાયરે. સુણ૦
(મનવંતી ઘણુ ઘણુ શમજાવે છે પણુ નહી માનતા તર છોડી જાય છે)

પ્રવેશ ૧૦ મો.

સ્થળ–લડાઇનું મેદાન

પાત્ર–ચામુડ અને કેશરી લસ્કર લઈને આવે છે ને પાછા પડદામાં જાય છે દુર્વાર્પ સૈન્યા પતિ લસ્કર લઇને આવે છે ને ઉભા છે ત્યાં ચામુડનું લસ્કર પાછું આવે છે' અને ઉભુ રહે છે ત્યારે)

રાગ ક્ષત્રી કલંક.

દુવાર્પ– (ચામુંડ પ્રત્યે)

ભલે લડવાને આવ્યો તું આજ, સૈન્ય તારાનો ઘાણ વાળુરે
તારા શરીરનો કરૂં હું પ્રાજ. સૈન્ય૦
તે મહી પુરને માર્યો રણ માંય સૈન્ય૦
તેમ આહીં નહીં પોહોચી સકાય સૈન્ય૦
તુ ધરીને આવ્યો છો અંકુર સૈન્ય૦
તારૂ સૈન્ય કરૂં ચકચુર સૈન્ય૦
તુ મુજને પોહોચીસ બાળ સૈન્ય૦
તારે માથે ભમે છે નિશ્ચે કાળ સૈન્ય૦

(એ સાભળી ચામુડ જોસાથી)

રાગ ક્ષત્રી કલંક

ચામુડ–જોયુ જોયુ તારૂ હવે શુર, વગર મોતે મારૂં તુંનેરે.
જેમ માર્યો કૃષ્ને ને આગાશુર વગર૦
માર્યો અભીમન્યુ એ લક્ષમણ વગર૦
તેમ તારૂં શીશ અથરાવું રણ વગર૦
દ્રોપ દસુતે માર્યો દ્રોણાચાર વગર૦
તેમ કરૂ હું તારો સંહાર વગર૦
શું તું મુજને જાણે છે બાળ વગર૦
તુને કરીશ હવે પાયમાલ વગર૦

(બન્નો લશ્કર સામસામે લડેછે તેમા દુવાર્પની હાર થાય છે અને ચામુડનું લશ્કર જીતે છે તેમાં દુવાર્પને ચામુડ મારે છે અને ચામુડ તથા કેશરી લશ્કર સહીત પોતાને રાજે આવે છે ચામુડે

દુર્લભ ને હરાવ્યાના ખબર ચામુંડનાં પીતા મુળરાજને પડે છે પોતાના પુત્રની પરાક્રમી જોઇ મૂળરાજ ઘણો ખુશી થાયછે)

રાગ કલ્યાણ

સર્વ- પ્રીય સભાજનો કૃપા રાખજો તમો.
મહેર કરીને પધારીયા, ખુશી થયા અમો.
જુઓ સોલંકી મૂળરાજ, કેવો, દીસે મહા શુરવીર.
લડાઇ કરવા બહુ આવીયા, પણ મુકી નહી મનધીર. પ્રીય૦
પુત્ર તેનો ચામુડ કેવો, દીસે મહા ગંભીર.
પીતા વચનથી લડાઇ કરવા, ગયો રણ ધીર. પ્રીય૦
ભૂલચુકની માફી માગે, મુલશંકર આવાર.
સભાજનોની રજા લઇ, ખેલ પુરો થયો નીરધાર પ્રીય૦

રાગ રામગ્રી. વૈદરભી વનમાં વલવલે

ઉમંગ થકી આ જગતમાં, કરો હુંન્નર આવાર.
માત્રો તમે હવે આ ઘડી, જોઇ વખતનો સાર. ઉમંગ૦
આશા રાખો તમે મનવાશે, ઊધ્યમ કરો હજાર.
શંસય નથી આદેહનો, કરો જલદી આ ઠ.ર. ઉમંગ૦
કર્મ તણા આ વખતમાં, વિચારો વારંવાર.
રત્ન હીરા મોતી તણો, દીપે કેવો શણગાર. ઉમંગ૦
વૃક્ષતરું જેમ વાળીએ, તેમ છોડો કુચાલ.
જન્મેછે આ જગતમાં, ગુલ્લાલા છંમ બાલ. ઉમંગ૦
લાજ માટે દોડો માનવી, છોડો તરૂ પણે ટેવ.
લક્ષ વસા મન લાવીને, તમેતજો તતખેવ. ઉમંગ૦

રાગ લાવણી.

દરશનનો લાભ દીઓને આપ મીત્ર મારા.
લલ્લુચાઇને કહે દીન સેવક તમારા.
પરમેશ્વર હોજો સ્હાય તમોને સદા.
તમ કીર્તી રહે અમર આચ્ય નહી કદા.

રાગ લાવણી.

વિસવાસ ન કરજો, આજ કહુ આહીં
સ્વયંવરતણી, સોભા જેવી છે ત્યાંહી.
નાનુ પુસ્તક બનાવ્યું છે અમોયે.
થરથર કંપે છે દુશ્મન મનની માગે.
દેખાડે છે આ જગત, ઈશ્વર આચે.
વદું ખરેખરું હું વિચારી મનમાયે.
શંરક્ષણ કરતું દેહ તણું આજે.
કરીએ કરૂણા આપણી કાયાને કાજે.
રહેજો સદા સહાય પ્રભુજી અમોને
વિશ્વનાથ કહે છે કર જોડી તમોને;

ગાયન સમાપ્ત.

હે મારા પરમ પ્રીય આર્ય બંધુઓ આપ સાહેબોને વિનંતી કરૂં છું કે પરનારીનો સંગ કર્યાથી કેવા ફળ મળે છે તે નીચે મુજબ.

પરનારીનો સંગ કર્યા વિશે વારતા.

પહુર કરીને એક ગામ હતું તે ગામમાં એક દળીદ્ર બ્રાહ્મણ રહેતો હતો તે બ્રાહ્મણને ત્રણ પુત્ર હતા પણ તેના ઘરમાં શીવ પુજન સારી રીતે ચાલતું હતું તેથી તેને કોઇ વાતનું દળીદ્રપણું જણાતુ નહીં કેટલાક દિવસ વીત્યાબાદ તે બ્રાહ્મણનું મૃત્યુ થયું પુત્ર સારી કેલવણીયે ચાલવાથી ગામમાં લાજ આબરૂ ચાલી હતી પોતાના પીતાનું કારજ કર્યું એક દિવસને સમે ત્રણે ભાયું બેઠા છે તેવામાં મોહોટો બોલી ઉઠયો કે સાંભળો ભાયું હાલ આપણે એવા દળીદ્ર અવસ્થામાં છીયે કે કોઇપણ આપણને ઉભો રહેવાદે નહીં માટે આજે હુ તમોને કહુ છુ કે આપણે ન્યાય રીતીથી ચાલવા મંડીયે તો આપણી દળીદ્ર અવસ્થા જાય ત્યારે તેના બન્ને ભાઈ બોલ્યા જે ભલે વડીલ ભાઇ કહે તે પ્રમાણે કરવા તૈયાર છીએ તે દિવસથી ત્રણે જણાયે બરાબર ન્યાય રીતી પ્રમાણે ચાલતા કેટલાક વર્ષ વીત્યા પછી મોટા ભાઇનો પુત્ર જે પ્રજલ હતો તેની ઉમર વર્ષ ૧૧ ની થઇ અગીયાર વર્ષની ઉમર થઇ ત્યારે તેના બાપે વિચાર કર્યો કે પ્રજલની ઉમર વર્ષ અગીયારની થવા આવી પણ હજુ સુધી આપણે ભણાવ્યો ગે નહીં માટે પ્રજલને બહાર ગામ ભણવા સારૂ મોકલીયે અને બહાર ગામ ભણવાથી તેને વિદ્યા આવશે ને હુશીયારી પણ આવશે એવો વિચાર કરી પ્રજલને કહ્યું કે હે પ્યારા પુત્ર પ્રજલ તું બહાર ગામ ભણવા સારૂ જા કારણ કે ભણીશ તો તારો જનમારો સફળ થશે અને ભીખ માગવી નહી પડે ભીખ માગવામાં કાંઇ પણ સાર

નથી પ્રજલે વિચાર કર્યો જે આ વાત સર્વે સાચે સાચી છે પછી પો
તે ત્યાંથી ચાલી નીકળ્યો તે એક મોહોટું શહેર આવ્યું ત્યાં રેહો
અને એક ઓરડી બાડે લઇ ત્યાં રેહો પ્રજલ તો દરરોજ નિશાળે જાય
એમ કરતા ચાર ચોપડી ભણ્યો તેવામાં તેને એક ભાઇબંધ મળ્યો
તેણે પ્રજલને કહ્યું જે પ્રજલ આપણે બન્ને જણ બહાર ગામના રેહે
વાશી છીયે માટે આપણે બન્ને જણ સગા ભાઇની માફક રહી આંહી
ભણીયે ત્યારે પ્રજલે કહ્યું જે બલે તમારી મરજી હોય તેમ કરીયે પછી
બન્ને જણ એક ઓરડીમાં રહ્યા ને નિશાળે જાય એમ કરતાં ઘણા
દિવસ વિત્યાબાદ એક દીવસે પ્રજલના ભાઇબંધ નરોતમને તેના પી-
તાનો કાગળ આવ્યો તેથી નરોતમ તો પ્રજલની રજા લઇ દેશમાં
ગયો નરોતમ દેશમાં ગયા પછી પ્રજલને ચેન નહી પડતું ને આખો
દવસ ઉદાસમાં રહેતો હતો એક દિવસને સમયે પ્રજલ પોતાની ઓર-
ડીમાં બેઠો છે તેવામાં તેની ઓરડી સામેના માળામાં કોઇ વણીકની
પુત્રીયે પ્રજલ સામે સનશ કરી પ્રજલે પહેલાં તો વિચાર કર્યો કે આ
છોકરી મુને બોલાવતી હશે એવો વિચાર કરે છે તેવામાં વણીકની છો-
કરી ગુલાબ તેની પાસે આવીને કહેવા લાગી જે તમે ઉદાશીમાં કેમ છો
ત્યારે પ્રજલે વિચાર કર્યો જે આ પુછે છે તેનું કારણ કે મારી સાથે
દોસ્તી તો નહી બાંધવી હોય એવું જણાય છે પછી ગુલાબને કહ્યું જે
મારો મીત્ર હતો તે દેશમાં ગયો તેથી મુને ચેન પડતું નથી તેટલાજ
માટે મારૂ મુખ ઉદાશીમાં રહે છે ગુલાબે કહ્યું જે તમો ઉદાસીમાં નહી રહો
તમારો મીત્ર ગયો તો શું થઇ ગયું હું છું તે માટે તમો ઉદાશીમા
રહેશો નહી પ્રજલને તો ભાવતું હતું ને વૈદે કહ્યું પ્રજલ બોલ્યો કે

મલે એમ કરતાં એક બીજાની પ્રીતી એવી લાગી કે તોડી પણ તુટે નહી પ્રજલ જે પૈસો કમાણો હતો તે પૈસો રાંડના એશઆરામમાં ઉડાડી નાખ્યો અને માથે દેવું થવું નિશાળે જવુ પણ છોડી દીધું અને આખો દીવસ ગુલાબ પાસે બેશી રહે એક દીવસે પ્રજલે વિચાર કર્યો જે મારી પાસે હવે ધન કે પૈસો કે અલ નથી માટે મારા પીતા ઉપર પત્ર લખીને રૂપીયા મંગાવું પછી પોતે તેના પીતા ઉપર પત્ર લખ્યો તેના પીતા એ પત્ર વાંચી વીચાર કર્યો જે પુત્ર તો હવે ભણી ગણી હોશીયાર થયો હશે અને કંઈ પણ વેપાર તથા ચાકરી ગેરહેવાશારૂં ખરચીના રૂપિઆ મંગાવ્યા છે માટે મારે મોકળવા જોઇયે એવો વિચર કરી તેના પીતાએ ત્રણશે રૂપિયા મોકલ્યા તે પ્રજળને પોહોચ્યા પ્રજળે વિચાર કર્યો જે મારા પીતાપાશે રૂપિયા ઘણા છે માટે મારે સા. વાસતે હેરાન થવું પડે એવો વિચાર કરી પોતે એક બીજી નાયકા રાખી તે નાયકા સાંજના સાત વાગ્યાને સુમારે આવે તે રાત્રીના દશવાગે જાયને દીવશના વણીકની કુવરી ગુલાબ શાથે એશ આરામ કરે એમ કરતા કરતા ત્રણશે રૂપિઆ પણ થોડા દીવશમાં ઘુતી ગયું અને ભણુ તરપણુ બીલકુલ યાદ રહ્યું નહી પ્રજળના મનને એવો ભરૂશો હતો કે હું મારા પીતા પાસેથી રૂપીયા મંગાવી દેવું ચુકવીશ એમ કરતા કેટલાક દીવસ વિત્યા પછી પ્રજલને માથે બહુ દેવું થયું ને નાયકાને ત્યાં ગુલામ તરીકે રહેવું પડયું પ્રજલ નાયકાનું કામકાજ કરે છે તેવામાં પ્રજલના બાપને ખબર પડી કે તમારો પ્રજલ રંડીબાદ થઈ ગયો છે અને ગામમાં દેવું બહુ થયું છે અને પ્રજલ તો નાયકા

ને શેર ગુલામ થઇ રહ્યો છે તેની વાત સાંભળી પ્રજલના બાપ તથા તેના કાકા એકદમ ત્યાંથી તે શહેર આવી પહોંચ્યા ગામમાં ગોતવા મંડયા પણ પ્રજલનું નામ લે ત્યાં વેપારી લોકો કહે કે શું તારો પ્રજલ પ્રજલ કરે છે આંહી કાકાના રૂપિયા છે તે કાઢી નાખો એવા એવા વેણ પ્રજલના પીતાયે શુણ્યા નાયકાને રૂપિયા આપી પ્રજલને છોડા વ્યો ગામમાં દેવું હતું તે તેના પીતાએ આપ્યું અને પ્રજલને પોતાને દેશ તેડી ગયો રંડી વિશે વાતનો હપકો ઘણો આપ્યો ત્યારપછી કેટલાક દીવસ વીત્યાપછી પ્રજલને ચાંદીનો રોગ થયો પ્રજલને રાંડ પાશે ઘણો વીચાર થયો તે રોગ મારા છ રહી મરણ પામ્યો માટે આ વાત ઉપરથી વાંચનાર સાહેબોયે તેની માફક નહીં કરવું એક તો ધન પૈસે ને આબરૂના કટકા વિશ્વાસ નહી કરે કોઇ પાછળથી કેવા ફળ થાય એજ વિનંતી છે તે વિશે એક ગાયન નીચે મુજબ;

"રાગ" ભલે પધાર્યા આજ.

કોઇ નવ કરસો પ્યાર, પરનારી તણો, કોઈ નવ કરસો પ્યાર.
પરનારી તણી સંગત જે કરે, ખુવાર થાય તે વાર. પરનારી૦
નારી દીસે અતિ રૂપવંતિ, સોભાનો નહી પાર. પરનારી૦
ઠમકેથી ચાલે રૂમ જુમ કરતી, ટીલડી ચોડે બે ચાર. પરનારી૦
ઘુઘરીયાળો ઘાઘરો પહેરી, ચોળી દીશે સોભાદાર. પરનારી૦
હાથમાં કડા પગમાં સાંકળા, ગળે મોતીનો હાર. પરનારી૦
માથું ઓળી પટીયાં પાડી, આંજણુનો નહીં પાર. પરનારી૦
સણગાર સજીને રસ્તે ચાલે, જોવે નરને તે વાર. પરનારી૦

પાછી વળીને પાનીએ જુવે, જુવે ચૌટા મોઝાર. પરનારી૦
ભોળા માણસ કાં અંત જુવે, હું તો કહું નીરધાર. પરનારી૦
જરૂર મીત્રો ચેતી રહેજો, ખુવાર થયે તે વાર. પરનારી૦

મીત્રો તમો આ વાત ઉપરથી સાર લઇ પરનારીનો સંગ નહી કરશો એવું હું મારા મન વિશે ધારૂં છું જુઓ કે પ્રજલ પરનારીના સંગમાં કેવો ખુવાર થયો અને અંતે જતાં મરણ પામ્યો માટે મીત્ર વાંચનાર સાહેબો પરનારીનો સંગ કદી નવ કરજો જ્યાં સુધી હશે ત્યાં સુધી આપણી ને પછી આપણી નથી એજ પછી આપ સાહેબોની મરજી મુજબ.

આ બુક લેનાર ધણીએ આ કુંપનીના મેનેજરને મળવું.

મેનેજર રાજગોર

મુંબાઈ શહેર

સમાપ્ત.

ગોવિંદજી

ર મકાનું

અગાઉથી આશ્રય આપનાર સાહેબોના નામ.

નકલ નામ

મુંબઈ.

૧૦ ત્રીવાડી ત્રીભુવન જીવરામ.
૨૫ ત્રવાડી લક્ષ્મીરામ જીવરામ
૫ રાજગોર પરશોતમ જેરામ
૪ ત્રીવડી મગન મોનજી
૨ શા. વેણીદાશ ત્રીકમદાશ
૨ ઠકરશી સુંદરજી
૧ રાણા મગનલાલ ગોરધન
૧ ઘોઘારી શુલેમાન કાશમ
૧ ઠ. ગોપાળ રણછોડ
૧ લુવાણા ધનજીમાલજી
૨ પંડયા ડાયાપ્રાગજી
૪ સોની કરશન કંથડ
૧ ઠા. લધા નાગજી
૧ જાની જયાનંદ ઇશ્વર
૧ શાસ્ત્રી રામા મોહ
૨ મેમણ હાજીઇશમાલ
૨ મેમણ કાશમ અલીભાઇ
૬ શા. નરોતમદાશ મોનજી
૬ જાની દુલભજી ઈશ્વર
૧ શા. પ્રભુદાશ લખમશી
૨ શા. નથુભાઇ નેણશી
૧ મેમણઅલી સુલેમાન
વિપ્રઈશ્વર કરશનજી
શા. નેણશી દામજી
વિપ્ર હરગોવન પ્રેમજી
શા. ટીકમજી હરજીવન

નકલ નામ

૩ લુવાણા મેઘજી ભાઈજી
૧ શા. ચત્રભુજ પ્રેમચંદ
૫ શા. દામોદર વ્રજલાલ
૧ લુવાણા ગીગા હંશરાજ
૧ શા. માણેકચંદ પ્રેમચંદ
૩ લુવાણા કરશન નથુ
૬ લુવાણા મોહન કરસન
૨ શા. ધરમસી જીઠાભાઈ
૯ મેમણ ઈબ્રાહીમ અલીભાઇ
૩ લુવાણા હંશરાજ ધનજી
૧ શા. દ્વારકાદાશ ગીગાભાઇ
૧૧ શા. રવજી માણેકચંદ
૧૦ શા. ડુંગરશી ધનજી
૩ શા. પરશોતમ માવજી
૧ ભટ ગવરીશંકર રેવાશંકર.
૧ ભટ શંભુપ્રસાદ મારશંકર

પાલીતાણા

૧૧ ત્રીવાડીશંકર ગંગારામ
૧૫ ઠાકર નાનાલાલ જેઠાભાઈ
૧ શા. જીવન સુંદરજી
૧ શા. ફુલચંદ પરશોતમદાસ
૩ શુકલ ભાઈશંકર ભવાનીશંકર
૨૫ દવે ઉમીયાશંકર વ્રજલાલ
૨૫ ત્રવે દલપતરામ હરીશંકર
૩ ત્રીવાડી દલપતરામ દુલભજી
૨ રા. લલુભાઇ મનસુખરામ
૧ રા. વ. મણીશંકર ગવરીશંકર

નકલ	નામ.	નકલ.	નામ.
૧	શા. રામકૃષ્ણ મેઘજી		શા. હરજીવનદાસ નરોતમદાસ
૧	શા. વકીલ પરશોતમદાસ ત્રીકમદાસ	૫	ભટ પોપટ રામજી
૧	શા. વકીલ અમૃતલાલ રગનાથ	૨	શા. મેઘર દુલભજી
૧	શા. છગનલાલ હરીરામભટ	૩	ખોજા નુરમામદ કાશમ
૧	શા. ત્રવાડીમણીશંકર ભીમજી	૧	સોની હરરાજ કરશન
૧	શા. જવેરીરાજપાળ ઘેલાભાઇ	૧	ભટ મેઘજી કાનજી
૧	શા. દરજીજેઠા વીકલ	૩	શા. મોનજી ઠાકરશી
૧	શા. માધવજી રામજી	૧	શા. રામજી તલકશી
		૨	વિપ્ર ગોવંદરામ નાનજી

હુબ્લી.

૫૧	ત્રીવાડી દેવશંકર જીવરામ
૨	લુવાણા મુળજી વશરામ
૧	શા જગજીવન રતનશી
૧	શા. મગન કલ્યાણજી

પુના સાતારા

૧	જગજીવન નરોતમ
૧	શા. કલ્યાણજી નંદરામ
૧૨	ડાકટર મોતીરામ હરગોવન
૩	કંપાઉંડર નથુભાઇ ભગવાનજી
૩	કંપાઉંડર મગનલાલ જગજીવન
૨	શા. કાનજી દામોદરદાશ
૧	વિપ્ર નાનાલાલ મોહન
૫	જરીફ કરશન ચંદુલાલ
૩	શા. પ્રાગજી ગોપાળજી
૧	શા. પરશોતમ જીવન
૩	શા. માણેકજી મોનદાશ
૨	લુવાણા મકનદાશ પરશોતમ
૨	મરાઠી શખારામ નારણ
૨	શા. વજેશંકર માણેકજી
૪	શા. ઓધવજી કાશીરામ

કલકતા

૩	ડાકટર સુલેમાન અલીભાઇ
૨	શા. માણેકચંદ હેમચંદ
૩	લુવાણા કરમશી નથુભાઇ
૧	શા. હરગોવન પ્રેમાણંદ

ઊશરડને કમરોલ

૨૫	જાનીવાલજી ઈશ્વર
૨૧	જાની ઓધવજી વિ. જેશંકર
૧	જોશી ગાંડાલાલ કલ્યાણજી

કચ્છભુજ ને ઈડર.

૧	ભાટ હીરજી જાદવજી
૧	ત્રીવાડીશંકર જીવતરામ

વલસાડ ને વઢવાણ

૧	રાણા ડાય.ભાઇ નાનાલાલ
૧	રાણા કાલીદાશ ભીખા
૧	કોરી જીવણ બાણા

વાલુકડને લુવારા

૧	જાનીનાનજી રામજી
૧	જાની દુલભજી ઈશ્વર
૧	પટેલ અરજણ મીઠા
૧	ઉપાધ્યા જીવણ મેઘજી